**સુવિચાર**

નિરંતર પરિશ્રમ કરવાવાળો વ્યકિત ગરીબ નથી રહેતો. આજનું કામ આજે કરે તેને ભવિષ્યમાં નામ મળે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૬/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ જેઠ વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૫૬

## જેમ જેમ નજીક આવ્યું તેમ તેમ ખોફનાક માહોલ ઉભો થયો

# ''બિપરજોય'' વાવાઝોડાથી દરિયાકાંઠાનાં ગામોમાં વરસાદ

**સમગ્ર વહીવટીતંત્ર, સામાજિક સંસ્થાઓ વિવિધ મદદ કરવામાં જોડાયા**

**નાગરિકોને જરૂરી કામ વગર બહાર ન નીકળવા તંત્ર દ્વારા અપીલ**

**અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા તેમજ ઉના, રાજુલા, ખાંભા, ધારી પંથકમાં પણ જોરદાર વરસાદ**

**સૌથી વધુ ગંભીર સ્થિતિ દેવભૂમિ દ્વારકા, કચ્છ અને પોરબંદર જિલ્લામાં જોવા મળી**





કચ્છ, તા.૧૫

કચ્છનાં નલિયામાં વાવાઝોડાની ભારે અસર વર્તાઈ રહી છે. ત્યારે કચ્છમાં રાતથી જ ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ભારે પવન સાથે વરસાદની વિઝીબીલિટી ઘટી છે. તેમજ ૯૦ થી ૧૦૦ ની સ્પીડે પવન ફૂંકાઈ રહ્યો છે.

રાજકોટનાં ધોરાજીમાં વાવાઝોડાને લઈને તંત્ર સજ્જ છે. તેમજ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. તેમજ ફૂડ પેકેટ, મેડિકલ કીટ સાથે તંત્ર સજ્જ બન્યું છે.

ધોરાજી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી લોકોનું સ્થળાંતર કરાયું છે. તેમજ સરકારી અધિકારીઓ, સામાજીક સંસ્થાઓ સેવામાં જોડાઈ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉના નજીક આવેલ સૈયદ રાજપરા ગામે

## તૌકતે વાવાઝોડા સમયે તૂટેલી દીવાલ તંત્રએ રિપેર ન કરતાં દરિયાનાં પાણી ગામમાં ઘૂસે તેવી સ્થિતિ

**દરિયામાં ૧૫ થી ૨૦ ફૂટ ઉંચા મોજા ઉછળી રહ્યાં છે**



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

ઉના, તા. ૧૫

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા બંદર ખાતે બિપોરજોય વાવાઝોડાના પગલે ૧૫ થી ૨૦ ફૂટ ઊંચા મોજા ઉછળતા જોવા મળ્યા છે. જેના પગલે નવાબંદર મરીન પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચુસ્ત બંદોબસ્ત મુકી દેવાયો છે. ઉપરાંત આ વિસ્તારના દરિયા કિનારા પર નહીં જવા માટે લોકોને અપીલ કરવામાં આવી હતી. સાથે જ દરિયાકાંઠે વસતા કેટલાક પરિવારોને પણ સ્થળાંતરીત કરવામાં આવ્યા છે. મહત્વની વાત છે કે આ સ્થળ પર દરિયાકાંઠે આવેલી પ્રોટેકશન વોલ તૂટેલી હોવાના કારણે દરિયાનું પાણી ગામ તરફ ઘુસતું હોય તેવું જણાય રહ્યું છે. સ્થાનિકો જણાવે છે આ પ્રોટેકશન વોલ તૌકતે વાવાઝોડા સમયે જ તૂટી પડી હતી. પરંતુ તેનું સમારકામ આજસુધી નહીં થતા બિપોરજોય વાવાઝોડા સમયે દરિયાના પાણી ગામમાં ઘુસે તેવી સ્થિતી જોવા મળી રહી છે.

મળતી વિગતો અનુસાર આજે સવારના સમયથી જ બિપોરજોય વાવાઝોડાની અસર ગુજરાતના દરિયાકાંઠે જોવા મળી રહી છે. ત્યારે ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે તંત્રની લાપરવાહી જોવા મળી રહી છે. જે લાપરવાહીના કારણે દરિયામાં ઉછળતા વિશાળ મોજાના પાણી ગામ તરફ આવતા જોવા મળી રહ્યા છે. આ સ્થિતી પેદા થવાનું કારણ ગ્રામજનો જણાવે છે કે દરિયાકાંઠે પ્રોટેકશન વોલ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીની દરિયાઈ પટ્ટી પર વાવાઝોડાની અસર

## નાગધ્રા ગામની શેલ નદીમાં ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી

**પિપાવાવ પોર્ટ વિસ્તારમાં વાવાઝોડાની અસરને પગલે ધોધમાર વરસાદ ખાબક્યો, ભારે વરસાદને પગલે મીઠાના અગરો પણ પાણીથી ભરાઈ ગયા**

અમરેલી, તા.૧૫

રાજ્યમાં બિપરજોય વાવાઝોડા નો ખતરો તોળાઈ રહ્યો છે. જેમા અમરેલી જિલ્લામાં વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. દરિયાઈ પટ્ટી વિસ્તારમાં ભારે વરસાદને પગલે નાગધ્રા ગામની શેલ નદીમાં ઘોડાપૂર આવ્યુ છે. અમરેલી, જાફરાબાદ, રાજુલા, ખાંભા અને ધારી પંથકમાં ભારે વરસાદ પડ્યો છે. સરસીયા, જીરા, ડાભાળી, હિરાવા અને નાગધ્રામાં ભારે વરસાદ વરસ્યો છે. સાવરકુંડલા શહેર સહિત ઘોબા અને મેવાસા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

બિપરજોય વાવાઝોડુ દરિયાકિનારા નજીકથી ઝડપથી આગળ વધી રહ્યુ છે. અમરેલીના પિપાવાવ પોર્ટ વિસ્તારમાં વાવાઝોડાની અસરને પગલે ધોધમાર વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદને પગલે મીઠાના અગરો પણ પાણીથી ભરાઈ ગયા છે. સતત પડી રહેલા ધોધમાર વરસાદને પગલે મીઠાના અગરો પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા છે.અમરેલીમાં જિલ્લા પ્રશાસન પણ સતર્ક થઈ ગયુ છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ તંત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી. દરિયાઈ પટ્ટી વિસ્તારમાં જિલ્લાના ધારાસભ્યો અને સાંસદોએ નિરીક્ષણ કર્યુ હતુ. નેતાઓએ લાઈટહાઉસ અને જેટી વિસ્તારોની મુલાકાત લીધી હતી.

## એસ.ટી. બસનો વિકાસ છાપરે ચડીને બહાર આવ્યો



એક તરફ ''સલામત સવારી, એસ.ટી. અમારી'' જેવું રૂપાળુ સુત્ર પરિવહન વિભાગે ચલાવ્યું છે અને બીજી તરફ મોટાભાગની બસો ખખડધજ હાલતમાં દોડતી જોવા મળે છે. મુસાફરોનાં હિત કરતાં સ્વહિતમાં રાચતાં અધિકારીઓ કે પદાધિકારીઓને હવે શરમ જેવું કાંઈ રહ્યું નથી. ત્યારે દામનગર-સતાધાર રૂટની બસની છત હવામાં લટકતી જોવા મળે છે.

### ઉના નજીક આવેલ ઉમેજ ગામની ઘટના

## ભારે પવન અને વરસાદ વચ્ચે કુવામાં પડેલ ૨ સિંહબાળને વનકર્મીએ બચાવ્યા

**''બિપરજોય''નાં કારણે નિર્દોષ પ્રાણીઓ મુશ્કેલીમાં મુકાયા**

ઉના, તા. ૧૫

ઉના તાલુકાના ઉમેજ ગામ ખાતે સિંહ બાળ કૂવામાં પડી જતા ફોરેસ્ટ વિભાગની ટીમે ચાલુ વરસાદે રેસકયું હાથ ધર્યુ હતું. એક તરફ સમુદ્રકાંઠાના વિસ્તારોમાં બિપોરજોય વાવાઝોડાને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે લગભગ

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્થાનિકો કોઈપણ સીમ કાર્ડ સર્વિસ પસંદ કરી શકશે

## બિપોરજોયના કારણે મોબાઈલ નેટવર્ક ઠપ નહીં થાય

**લોકોને અસુવિધા ન થાય એના માટે ૧૭ જૂન સુધી આ પ્રમાણેની સુવિધા હાથ ધરાશે**

અમદાવાદ, તા. ૧૫

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમએ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડરને ૧૪ જૂન સવારે ૮ વાગ્યાથી લગભગ ૮૮ કલાક માટે સાયક્લોન

અનુસંધાન પાના ૬ ઉપર









## આગામી ૨૦ જૂનને અષાઢી બીજનાં પવિત્રદિને ધાર્મિક આયોજન

# બાબરા ખાતે પૂજય સંતશ્રી વેલનાથબાપુનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરાશે

**સવારે પૂ. વેલનાથબાપુનું પૂજન, અર્ચન, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે**


**સમગ્ર પંથકનાં ચુંવાળીયા ઠાકોર સમાજનાં ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં જોડાશે**

**વેલનાથ પ્રગતિ મંડળનાં સદસ્યો અને આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરાઈ**


**સમસ્ત ચુંવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા દિવ્ય અને ભવ્ય આયોજન**

બાબરા, તા. ૧૫

બાબરામાં અમરેલી રોડ પર આવેલ ગિરનાર સંત શ્રી પૂજય વેલનાથબાપુના મંદિરે આગામી તા. ૨૦/૬/૨૩ને અષાઢી બીજના રોજ પૂજય વેલનાથબાપુના પ્રાગટય મહોત્સવનું દિવ્ય અને ભવ્ય ઉજવણીનું આયોજન ચુંવાળીયા ઠાકોર સમાજ અને શ્રી વેલનાથ પ્રગતિ મંડળના સયુંકત ઉપક્રમે કરવામાં આવ્યું. સમાજના અગ્રણીઓ અને યુવા અગ્રણીઓ દ્વારા સમગ્ર આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સવારે પૂજય વેલનાથબાપુનું પૂજન, અર્ચન,



મહાઆરતી, શોભાયાત્રા અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે.



બાબરા શહેર સહિત તાલુકામાંથી મોટી સંખ્યામાં ચુંવાળીયા ઠાકોર સમાજના લોકો ઉપસ્થિત રહેવાના હોવાથી આયોજકો દ્વારા સુંદર વ્યવસ્થા અને આયોજન કરવામાં આવ્યું છે.

બાબરા ચુંવાળીયા ઠાકોર સમાજના પ્રમુખ સુરેશભાઈ ધાખડા દ્વારા જણાવ્યું હતું કે, સમસ્ત ચુંવાળીયા ઠાકોર સમાજના આરાધ્ય પૂજય વેલનાથબાપુના પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવા સમાજ થનગની રહ્યો છે. અષાઢી બીજના પવિત્ર દિવસે પૂજય બાપુના પ્રાગટય મહોત્સવ નિમિત્તે સવારે ૮ કલાકે અહીં પૂજય વેલનાથબાપુના મંદિર ખાતે પૂજન, અર્ચન અને મહાઆરતી કરવામાં આવશે ત્યારબાદ ૯ કલાકે પૂજય બાપુની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા વાજતે ગાજતે મંદિરેથી પ્રસ્થાન થઈ શહેરની મુખ્ય બઝારોમાં ફરી નિજ મંદિરે પરત ફરશે અને ૧૨/૩૦ કલાકે મહાપ્રસાદ યોજાશે. પૂજય બાપુના પ્રાગટય મહોત્સવમાં ભવ્ય શોભાયાત્રા તેમજ મહાપ્રસાદમાં ચુંવાળીયા ઠાકોર સમાજના લોકો પરિવાર સાથે મોટી સંખ્યામાં જોડાશે.

## ધારાસભ્ય જે.વી. કાકડીયાની જહેમતથી

# આનંદો : ચલાલાનાં રેલ્વે સ્ટેશન વિસ્તારનો ૨૦ વર્ષ જૂનો પ્રશ્ન દૂર થયો

**સ્થાનિકોએ ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો**

ચલાલા, તા. ૧૫

ચલાલામાં અમરેલી રોડ પર આવેલ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વરસાદી પાણીનાં નિકાલનો વર્ષો જૂના પ્રશ્નનું ધારાસભ્ય જે.વી. કાકડીયાની સુચના અને માર્ગદર્શન મુજબ નિકાલ થતાં આ વિસ્તારનાં રહીશોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. અને સાથો સાથ ધારાસભ્ય અને કાર્યાલય ઈન્ચાર્જ ભયલુભાઈ વાળાનો આ વિસ્તારનાં રહીશોએ આભારની લાગણી વ્યકત કરેલ હતી. ચલાલામાં



છેલ્લા વીસ વર્ષમાં અનેક પ્રમુખો અને સભ્યો આવ્યા અનેક સત્તાધીશો આવ્યા અને ગયા છતાં વરસાદી પાણીનાં પ્રશ્નનું નિરાકરણ કોઈ દ્વારા કરવામાં આવેલ નહીં. જયારે જયારે વરસાદ આવે ત્યારે આ વિસ્તારમાં વરસાદનાં પાણી ભરાતા હતા. જેથી ચલાલા રેલ્વે સ્ટેશન પર આવતી જતી ટ્રેનનાં મુસાફરો અને આ વિસ્તારનાં રહીશોને ભારે મુશ્કેલી પડતી હતી. છેલ્લા પાંચ વર્ષથી આ વોર્ડ નં.૧નું પ્રતિનિધીત્વ કરતા સભ્યોએ પણ આ પ્રશ્નનું નિરાકરણ કરવામાં નિષ્ફળ ગયા હતા.

## ધારાસભ્ય મહેશ કસવાલાએ બેઠક યોજી

# સાવરકુંડલા પાલિકાનાં સદસ્યોને સંભવિત વાવાઝોડાને લઈને એલર્ટ રહેવા સુચના અપાઈ

**જરૂરિયાતમંદોને ઝડપથી મદદ પહોંચાડવા જણાવ્યું**

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા નગરપાલિકાના ચુંટાયેલા તમામ સભ્યોને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તાત્કાલિક મીટીંગ બોલાવીને તમામને આ વાવાઝોડાની આફતને પહોંચી વળવા છેવાડાના વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં રૂબરૂ મળીને તમામ રીતે ઉપયોગી થવા તથા જરૂરિયાતમંદ લોકોને તાત્કાલિક શાળાઓમાં આશરો આપવા તેમજ તમામ વ્યવસ્થા આ ખરાં સમયે ભારતીય જનતા પાર્ટીના તમામ લોકો દ્વારા કરવાની સુચના આપી હતી કે દરેક આગેવાનોએ પોતપોતાના વિસ્તારમાં જરૂરીયાતમંદ લોકોની સેવામા કામે લાગી જવા સુચના આપી હતી. આ અન્વયે ગતરોજ બપોરે ચાર કલાકે નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી અને નગરપાલિકાના ચુંટાયેલા સભ્યોની ટીમ શહેરમાં જુદા જુદા સ્થળોએ જાતે કામગીરી હાથ ધરી હતી. જેમાં, G.E.B.ને ભારે પવનના કારણે ઝાડવાં પડી જતા તેના હીસાબે ઈલેકટ્રીક પોલ ભાંગી જતા ખાદી કાર્યાલય પાસે તાત્કાલિક નગરપાલિકાના ફાયરબ્રિગેડની ટીમ અને જેસીબી મશીન દ્વારા જીઈબીના કર્મચારીઓને સાથે રાખીને તાત્કાલિક રીપેરીંગ કરવી વીજપુરવઠો શરૂ કરાવેલ. અને હાથસણી રોડ ઉપર આવેલ દેવીપૂજક વિસ્તારમાં ૨૫ ધરના રહેઠાણ ઝુંપડપટ્ટીમાં રૂબરૂ મુલાકાત લઈને જો વધારે વરસાદ આવે તો આ લોકોને શાળા નં ૪ હાથસણી રોડે તેમજ ત્યાં નવી બનેલ



પોસ્ટ ઓફિસમાં ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી છે અને જરૂર પડે નગરપાલિકાના સદસ્યઓના મોબાઈલ નંબર આપેલ છે. ત્યાર બાદ હાથસણી રોડે ઓવરહેડ પાણીની ટાંકીએ વાલમેનોને બોલાવીને ત્રણેય પાણીના ટાકાઓ ભરાઈને પીવાના પાણીનો સંગ્રહ કરવાની સુચનાઓ આપી હતી. ત્યારબાદ જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા દ્વારા તેમનાં ખર્ચે સુખડી અને ગાંઠીયાના ફુડ પેકેટ બનાવવાનની કામગીરી વજલપરા ભોજલરામ પટેલ વાડીમાં ચાલુ કરેલ છે. આવી સામાજિક સેવાઓમાં સા.કુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ જયસુખભાઈ નાકરાણી, નગરપાલિકાના સદસ્યો કમલેશભાઈ રાનેરા, પીયુષભાઈ મશરૂ, કેશુભાઈ સુડાસમા, મનસુખભાઈ લાડવા, હરીભાઈ ભરવાડ, રમેશભાઈ ચૌહાણ, અનીલભાઈ ગોહીલ, વલ્લભભાઈ કારેણા, કેશુભાઈ બગડા, નીતીનભાઈ હૈલૈયા, ભાવેશભાઈ કવા, ભુપતભાઈ પાનસુરીયા, જીગ્નેશભાઈ ટાંક, હસુભાઈ ચાવડા તેમજ સવજીભાઈ ચૌહાણ સહીતના લોકસેવકોએ શહેરમાં જુદી જુદી જગ્યાએ સેવાઓ કરી રહ્યા છે.

# રાજુલા : બિપરજોય વાવાઝોડાને સંભવિત સ્થિતિને અનુલક્ષીને બેઠક યોજવામાં આવી



અમરેલી, તા. ૧૫

બિપરજોય વાવાઝોડાની સંભવિત સ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના રાજુલા અને જાફરાબાદ વિસ્તારના નાગરિકોને શેલ્ટર હોમ ખાતે આશ્રય આપવામાં આવ્યો છે. બિપરજોય વાવાઝોડાની સંભવિત સ્થિતિને અનુલક્ષીને વિશેષ ફરજ સોંપવામાં આવી છે તેવા ફરજ પરના પટણીના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાએ અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી. વાવાઝોડાને લગતી તૈયારીઓ, શેલ્ટર હોમ ખાતેની સુવિધાઓ સહિતની બાબતોએ તેમણે વિગતો મેળવી હતી. ઘટતું કરવા તેમણે જરૂરી સૂચનાઓ આપી હતી.

# બાબરા : અમરાપરા પે. સેન્ટર શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



બાબરા, તા. ૧૫

શ્રી અમરાપરા પે સેન્ટરમાં શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણીની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં બાબરા તાલુકાના નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ઝાલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. બાલવાટિકામાં પ્રવેશ પામનાર તથા ધોરણ ૧માં પ્રવેશ પામનાર બાળકોને કીટ તથા અન્ય પ્રોત્સાહિત ઈનામો આપી શાળામાં પ્રવેશ આપ્યો હતો. આ કાર્યક્રમમાં આંગણવાડીના બહેનોએ પણ ભાગ લીધો હતો તથા ગામમાંથી પધારેલ કીટના દાતા રાજુભાઈ રાઘવભાઈ તાવેથીયા અને બાળકોને તિથિ ભોજનના દાતા સરપંચ અશોકભાઈ, અસલાલીયા ગામમાંથી પધારેલ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ઉપસરપંચ બહાદુરભાઈ વાળા, સુરેશભાઈ ધાખડા, મધુભાઈ ખોખરીયા, સવજીભાઈ તાવેથીયા, રાજુભાઈ સોરઠીયા, મહેશભાઈ ચાવડા, દિલીપભાઈ ચૌહાણએ તમામ બાળકોને કીટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી અમરાપરા પ્લોટ શાળા તથા અમરાપરા પે.સેન્ટરમાં કાર્યક્રમ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમનું સંચાલન અમરાપરા પે.સેન્ટરના આચાર્ય સુરેશભાઈ રાઠોડએ કર્યુ હતું. કાર્યક્રમને અંતે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજુલા અને જાફરાબાદ વિસ્તારનાં શેલ્ટર હોમ ખાતેનાં આશ્રિતોને આરોગ્યલક્ષી સુવિધા ઉપલબ્ધ



અમરેલી, તા. ૧૫

વાવાઝોડાની સ્થિતિને ધ્યાને લઈ જિલ્લાના રાજુલા અને જાફરાબાદ વિસ્તારના નાગરિકોને શેલ્ટર હોમ ખાતે આશ્રય આપવામાં આવ્યો છે. આશ્રિતોને આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ચાંચ સહિતના વિસ્તારોમાં આરોગ્ય કાર્યકર દ્વારા રાત્રે પણ ફરજ પર ઉપસ્થિત રહી આશ્રિતોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

## ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં

# અમરેલી સીટી પો.સ્ટે.માં ૮ વર્ષ પહેલા નોંધાયેલ ફરજ રૂકાવટનાં ગુન્હાનાં આરોપી નિર્દોષ જાહેર

**આરોપી તરફે એડવોકેટ નિશીત પટેલની દલીલો સફળ**

અમરેલી, તા. ૧૫

અમરેલી પીજીવીસીએલનાં ફોલ્ટ સેન્ટરનાં કર્મચારીની ફરજ રૂકાવટનાં ગુન્હાનાં ૩ આરોપીઓનો ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં નિર્દોષ છુટકારો થયો છે. આરોપી તરફે એડવોકેટ નિશીત પટેલની દલીલો સફળ રહી હતી.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં



આવેલ પીજીવીસીએલનાં ફોલ્ટ સેન્ટરનાં કર્મચારી કિરીટભાઈ વારીયા સાથે લાઈટ જવા બાબતે ટેલીફોનીક માથાકૂટ કરીને બાદમાં રૂબરૂ આવીને મેહુલ નરભેરામ કાથરોટીયા સહિતનાં વ્યકિતઓએ ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ સીટી પોલીસ સ્ટેશનમાં ૧૫ ઓકટોબર ૧૫ નાં રોજ નોંધાયેલ. જે અંગેનો કેસ ચાલી જતાં તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

# લાઠી તાલુકાની કુલ ૧૩૬ આંગણવાડીમાં ૧૯૨ કન્યા અને ૧૭૨ કુમાર સહિત કુલ ૩૬૨ ભૂલકાઓનો પ્રવેશ



અમરેલી, તા.૧૫

જિલ્લાના લાઠી તાલુકાની અને આઈ.સી.ડી.એસ.ઘટક અંતર્ગતની કુલ ૧૩૬ આંગણવાડીઓમાં વર્ષ–૨૦૨૩ શાળા પ્રવેશોત્સવ–કન્યા કેળવણી મહોત્સવનાં કાર્યક્રમમાં ૧૯૨ કન્યા અને ૧૭૨ કુમાર સહિત કુલ ૩૬૨ ભૂલકાઓએ વિવિધ આંગણવાડીઓમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. વિવિધ આંગણવાડીઓમાં ભૂલકાઓએ હર્ષોલ્લાસ સાથે ઉમંગથી પા પા પગલીઓ માંડી હતી. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં વિવિધ આંગણવાડી ખાતે જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, લાઠી–બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, શિક્ષણ અને આરોગ્ય સમિતિના ચેરમેન, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત પ્રમુખ, નગર પાલિકા પ્રમુખ, તાલુકા શિક્ષણાધિકારી તથા ગામના સરપંચ તથા આઈ.સી.ડી.એસ. ઘટકના બાળ વિકાસ યોજના અધિકારી મીનાક્ષીબેન રાઠોડ, મુખ્ય સેવિકા કિરણબેન ડોડીયા, ફાલ્ગુનીબેન છત્રાળા, શ્રધ્ધાબેન જોશી, મીરાબેન ધાધલ, આંકડા મદદનીશ રણજીતસિંહ સોલંકી, જયદીપભાઈ રાઠોડ, વિમલભાઈ જીણજા, હીરાબેન ચાવડા, પોલીસ સબ ઈન્સ્પેકટર પારૂલબેન સોસા એન.એન.એમ. અજયસિંહ ગોહિલ તેમજ આંગણવાડી કાર્યકર તથા હેલ્પર બહેનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીનાં મોણપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી



અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાની શ્રી મોણપુર પ્રાથમિક શાળામાં તા. ૧૨/૬/૨૩નાં રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. શાળા દ્વારા આવેલ મહેમાનોનું પુસ્તક આપી સ્વાગત કરવામાં આવ્યું. ટેકનિકલ હાઈસ્કૂલ અમરેલીનાં પ્રિન્સીપાલ પી.એસ. ગોસાઈ તથા ઉપસ્થિત મહેમાનોનાં હસ્તે આંગણવાડી અને બાલવાટિકાનાં બાળકોને શૈક્ષણિક કીટ આપી પ્રવેશ આપવામાં આવ્યો.

ધો. ૩ થી ૮નાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીને પી.એસ. ગોસાઈ, લાયજન અશોકભાઈ વાળા, બી.આર.પી. આલાભાઈ, તાલુકા પંચાયત સદસ્ય મંજુલાબેન ધાનાણી, આઈ.સી.ડી.એસ.નાં બ્લોક કો.ઓર્ડી. ચિંતનભાઈ વાળા, જયેશભાઈ શુકલ, ગામના આગેવાન મહેશગીરી ગોસાઈ તથા ઉપસ્થિત એસ.એમ.સી. સભ્યોનાં હસ્તે ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યાં. શાળાની વિદ્યાર્થીની દ્રષ્ટિ ગીરીશભાઈ સોંધરવા દ્વારા ''વૃક્ષોનું મહત્વ'' વિશે વકતવ્ય રજૂ કર્યુ હતું. પી.એસ. ગોસાઈ, લાયજન અશોકભાઈ વાળાએ પ્રસંગને અનુરૂપ પ્રવચનમાં શિક્ષણને મહત્વ આપી બાળકો ભણી ગણીને આગળ વધે તથા ગામ, શાળા અને માતા–પિતાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા આપી. આરોગ્ય કર્મચારી ડો. ઉદયભાઈ પરમાર, પ્રકાશભાઈ વાળા ઉપસ્થિત રહી ધો. ૧ થી ૮નાં તમામ બાળકોની આરોગ્ય તપાસણી કરી હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા. શાળામાં અધિકારીઓનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. કાર્યક્રમનાં અંતે માજી. જિલ્લા પંચાયત પ્રમુખ અશ્વિનગીરી ગોસાઈ દ્વારા તમામ બાળકોને તિથી ભોજન કરાવવામાં આવ્યું.

આ તકે તાલુકા પંચાયત સદસ્ય, ગ્રામ પંચાયત સભ્યો, એસ.એમ.સી. સભ્યો તથા બહોળી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય આશિષભાઈ ગોહેલ તથા શાળાનાં તમામ શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

### વાવાઝોડા પહેલા ધમધોકાર વરસાદ

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૫ તાલુકામાં વરસાદ પડ્યો

## ખાંભા, કલ્યાણપુર, જામકંડારણામાં એક ઈંચ વરસાદ, માંગરોળ, વંથલી, કાલાવડ અને બગસરામાં પોણા ઈંચ વરસાદ પડ્યો છે

અમદાવાદ, તા.૧૫

વાવાઝોડુ બિપરજોય ખતરનાક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. ગુજરાત સાથે તેને ટક્કર આડે હવે ગણતરીના કલાકો જ બાકી છે. આ પહેલા સરકારે દરિયાકાંઠાના વિસ્તારોમાંથી હજારો લોકોને શેલ્ટર હોમમાં શિફ્ટ કર્યા છે.

દરમિયાન, બુધવારે (૧૪ જૂન) ગુજરાતના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પણ શરૂ થયો છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. વાવાઝોડા પહેલા ગુજરાતના અનેક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ જોવા મળ્યો છે. સરકારે બહાર પાડેલા ડેટા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૧૫ તાલુકામાં વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ જુનાગઢના વિસાવદરમાં ૨ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે અન્ય વિસ્તારમાં વરસાદની વાત કરીએ તો, કેશોદમાં પોણા ૨ ઈંચ, ધ્રોલમાં દોઢ ઈંચ વરસાદ, ભુજમાં અને અમરેલીના લીલીયામાં દોઢ ઈંચ વરસાદ, કચ્છના અંજારમાં સવા ઈંચ વરસાદ, ખાંભા, કલ્યાણપુર, જામકંડારણામાં એક ઈંચ વરસાદ, માંગરોળ, વંથલી, કાલાવડ અને બગસરામાં પોણા ઈંચ વરસાદ પડ્યો છે. આ સાથે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમરેલી, ભાવનગર, જુનાગઢના કેટલાક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. બિપરજોય વાવાઝોડાને લઈને હવામાન વિભાગે સવારે ૬ કલાકે લેટેસ્ટ બુલેટીન જાહેર કર્યું છે. જે અનુસાર બિપરજોય વાવાઝોડું ૫ કિલોમિટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. કચ્છના જખૌ પોર્ટથી પશ્ચિમ દક્ષિણપશ્ચિમમાં ૨૦૦ કિ.મી દૂર છે વાવાઝોડું. જ્યારે વાવાઝોડુ દેવભૂમિ દ્વારકાથી પશ્ચિમ - દક્ષિણપશ્ચિમમાં ૨૨૦ કિ.મી દુર છે. તો કચ્છના નલિયાથી પશ્ચિમ - દક્ષિણપશ્ચિમમાં ૨૨૫ કિ.મી દૂર છે. વાવાઝોડું પોરબંદરથી પશ્ચિમમાં ૨૯૦ કિ.મી દુર છે.

પાકિસ્તાનના કરાંચીથી દક્ષિણ -દક્ષિણપશ્ચિમ તરફ ૨૯૦ કિ.મી દૂર છે વાવાઝોડુ. વાવાઝોડું ગુજરાતની ખુબ નજીક પહોંચ્યું છે. બિપરજોય વાવાઝોડું આજે ગુજરાતના દરિયાકાંઠે ટકરાવાનું છે ત્યારે હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના સવારના લેટેસ્ટ બુલેટીનમાં અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર આગામી ત્રણ કલાકમાં સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેરા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દાદર અને નગર હવેલીમાં વરસાદની આગાહી છે. પશ્ચિમ રેલવે દ્વારા ગુજરાતમાં ચક્રવાત 'બિપરજોય' ને ધ્યાનમાં રાખીને ચક્રવાતની સંભાવના ધરાવતા વિસ્તારોમાં સાવચેતીના પગલા તરીકે કેટલીક ટ્રેનો ને રદ, આંશિક રીતે રદ કરવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા પોતાના અધિકારક્ષેત્ર હેઠળ આવતા આ સંભવિત વિસ્તારોનાં ટ્રેન મુસાફરો માટે વિવિધ સંરક્ષા અને સુરક્ષાની સાવચેતીઓ પણ લેવામાં આવી રહી છે. વર્તમાન નિયમો મુજબ રિફંડ સ્વીકાર્ય રહેશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા જારી એક અખબારી યાદી અનુસાર હવે ૭ ટ્રેનોને રદ, ૩ ટ્રેનોને શોર્ટ ટર્મિનેટની અને ૪ ટ્રેનોને શોર્ટ ઓરજીનેટ કરવામાં આવશે. આ સાથે, ચક્રવાત 'બિપરજોય ને ધ્યાનમાં રાખીને મુસાફરો અને ટ્રેન કામગીરીમાં સુરક્ષાના સંબંધમાં સાવચેતીના પગલા તરીકે ૭૬ ટ્રેનો રદ, ૩૬ ટ્રેનો ને શોર્ટ ટર્મિનેટ માટે જ્યારે ૩૧ ટ્રેનો ને શોર્ટ ઓરીજીનેટ કરવામાં આવશે.

### સનાતન ધર્મ શું છે, એના પર પ્રકાશ પાડતું પુસ્તક લખશે

# બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી પાંચ દિવસ માટે એકાંત વાસમાં

## પુસ્તકનું શાળા-કોલેજોમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે

મંદસૌર, તા.૧૫

બાગેશ્વર ધામના પીઠાધીસ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી એકાંતવાસમાં ચાલ્યા ગયા છે. ધીરેન્દ્ર શાસ્ત્રી આગામી પાંચ દિવસ એકાંતવાસમાં રહીને સનાતન ધર્મ પર પુસ્તક લખશે. બાબા ઈચ્છે છે કે તેમનું આ પુસ્તક દેશની તમામ શાળાઓમાં પહોંચે, જેથી બાળકોને સનાતન ધર્મ વિશે જાણકારી મળે. બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ મધ્યપ્રદેશના મંદસૌરમાં ખેજડિયા ખાતે હનુમંત કથા મંચને જણાવ્યું હતું કે તેઓ આગામી થોડા દિવસો સુધી એકાંતમાં રહેશે. આ દરમિયાન તેઓ હિન્દુ ધર્મ પર પુસ્તક લખશે. તેમણે કહ્યું કે આ પુસ્તકનું શાળા-કોલેજોમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ધીરેન્દ્ર શાસ્ત્રી કહે છે કે લોકો વારંવાર સવાલ ઉઠાવે છે કે હિંદુ ધર્મ શું છે? હાલમાં જ આવેલી ફિલ્મ ધ કેરળ સ્ટોરીમાં એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે સનાતન ધર્મ શું છે? હવે અમે આનો જવાબ આપવા માટે એક પુસ્તક લખી રહ્યા છીએ.

આ દરમિયાન બાબાને મળવા છતરપુર પહોંચેલી શિવરંજની તિવારીએ કહ્યું હતું કે બાબા એકાંતવાસમાં જાય કે વનવાસમાં, મને બાલાજી સરકારમાં શ્રદ્ધા છે, તેમના દર્શન થશે. બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીને મળવાની ઈચ્છા સાથે ગંગોત્રીથી કલશ યાત્રા પર નીકળેલી એમબીબીએસની વિદ્યાર્થીની શિવરંજની તિવારી બુધવારે યુપી થઈને છતરપુર પહોંચી હતી. સાંજે તે બાગેશ્વર ધામ જવા રવાના થઈ, પરંતુ અચાનક તેની તબિયત બગડતા કારની મદદથી તેને છતરપુર જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

શિવરંજની સાથે ઉત્તરાખંડથી આવેલા આચાર્ય કમલદાસે કહ્યું હતું કે અમે પગપાળા તડકામાં લગભગ ૩૦ કિલોમીટર ચાલ્યા હતા, તેથી તેમની તબિયત બગડી હતી. પ્રવાસને લગભગ એક મહિનો થઈ ગયો છે. આ યાત્રાની શરૂઆત ગંગોત્રીથી કરવામાં આવી હતી. અને બાગેશ્વર ધામ સુધી જશે. શિવરંજની તિવારી લગભગ ૧૦થી ૧૫ લોકો સાથે ગંગા જળ લઈને લગભગ એક મહિના પહેલા ઉત્તરાખંડની ગંગોત્રીથી નીકળી હતી. કહેવામાં આવી રહ્યું છે કે શિવરંજની તિવારી ૧૬ જૂને બાગેશ્વર ધામમાં ગંગા જળ ચઢાવીને પૂજા કરશે.

### દ્વારકાના લોકોને આશા છે કે, દ્વારકાધીશ જ નગરીની રક્ષા કરશે

# ૧૪૪૩ની આસપાસ આખી દ્વારકા દરિયાની અંદર ડૂબી ગઈ હતી

## દેવભૂમિ દ્વારકા સાથે સંકળાયેલા ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા નગરીના હતા, થોડા વર્ષ પહેલા ASI એ નગરીના અવશેષ શોધી કાઢ્યા હતા

અમદાવાદ, તા.૧૫

બિપોરજોય વાવાઝોડું મહાવિનાશ બનીને ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે હવે દેવભૂમિદ્વારકામાં આવેલા દ્વારકાધીશ મંદિર પર વધુ એક ધ્વજા ચઢાવવામાં આવી છે. બિપોરજોયથી વિનાશ ન થાય તે માટે દરેક લોકો પ્રાર્થના કરી રહ્યા છે. અરબ સાગરમાં બનેલા આ વિનાશકારી વાવાઝોડાએ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા મહાભારતકાળમાં વસાવેલી નગરીની પણ યાદો તાજા કરે છે. દ્વારકાધામની કેટલીક વસ્તુઓ વર્ષ ૨૦૧૭માં આર્કિયોલોજિ સરવે ઑફ ઈન્ડિયાએ પણ શોધી હતી. એક માન્યતા અનુસાર, મથૂરા છોડ્યા પછી ભગવાન શ્રીકૃષ્ણએ ગુજરાતના દ્વારકામાં નવું નગર વસાવ્યું હતું, જેનું પહેલાનું નામ કુશસ્થલી રાખવામાં આવ્યું હતું. બિપોરજોયના સંકટ વચ્ચે એવી ચર્ચા છે કે, શું ભગવાન શ્રીકૃષ્ણની તે દ્વારકાનગરી પણ કોઈ વિનાશકારી વાવાઝોડાનો શિકાર બની હતી અને મોટા વિનાશ બાદ દરિયામાં ડૂબી ગઈ હતી? થોડા વર્ષો પહેલા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓસિયનોગ્રાફીને દરિયાની અંદર પ્રાચીન દ્વારકાના અવશેષ મળ્યા હતા. કહેવાય છે કે, અનેક દ્વારોનું આ શહેર હોવાના કારણે તેનું નામ દ્વારકા પડ્યું હતું. તેના કારણે આજે પણ આ શહેરને દ્વારકા અને દેવભૂમિદ્વારકાના નામે ઓળખવામાં આવે છે. જ્યારે મીડિયા રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, દરિયાની અંદર તપાસ કરતા પુણેની કૉલેજને ૩,૦૦૦ વર્ષ જૂના વાસણ મળ્યા હતા. ત્યારબાદ હવે આર્કિયોલૉજિક સરવે ઑફ ઈન્ડિયાએ અહીં તપાસ શરૂ કરી હતી. તો તેમને સિક્કાની સાથે ગ્રેનાઈટના સ્ટ્રક્ચર મળ્યા હોવાની પુષ્ટિ થઈ હતી. પુણેની એક કૉલેજના આર્કિયોલૉજી ડિપાર્ટમેન્ટ અને પછી ને દ્વારકા નગરીના અવશેષ મળ્યા પછી ૨૯ જુલાઈ ૨૦૧૮એ ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ પત્ર લખી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આગ્રહ કર્યો હતો કે, આ ઐતિહાસિક નગરીના પુનઃનિર્માણ માટે પત્ર લીધો હતો. તેમાં સ્વામીએ લખ્યું હતું કે, ડૉ. એસ. આર. રાવના નેતૃત્વ પ્રદૂષણ રિસર્ચ ટીમને ગુજરાતના દરિયાઈ તટથી ૨૦ કિલોમીટર દૂર અને ૪૦ મીટર ઊંડાણમાં ઘણી બધી વસ્તુઓ મળી છે, જેનાથી જાણ થઈ હતી કે, આ દ્વારિકાનગરીના અવશેષ છે, પરંતુ તે સમયે યુપીએ સરકારે ફંડ ન આપ્યું અને તેમાં કોઈ રસ ન દેખાડ્યો. આવામાં જ્યારે તે સાબિત થઈ રહ્યું છે કે, મહાભારત યુદ્ધના ૧,૭૦૦ વર્ષ પછી ૧,૪૪૩માં દ્વારિકા શહેર ડૂબી ગયું હતું તો આ વિશ્વમાં ભારત એ સૌથી જૂની સભ્યતા હોવાનો ઘણો મોટો પૂરાવો છે. આ માટે દ્વારકા નગરીનું પુનઃનિર્માણ કરાવવામાં આવે. એવી માન્યતા છે કે, ભગવાન શ્રીકૃષ્ણ મથૂરાથી ગુજરાત પહોંચ્યા હતા અને તેઓ અહીં ૩૬ વર્ષ રહ્યા હતા. તેમણે જ્યારે અહીંથી વિદાય લીધી હતી તો દ્વારકા નગરી ડૂબી ગઈ અને યદુવંશનો એક મોટો કુળ નાશ પામ્યો હતો. એવું પણ કહેવાય છે કે, મહાભારત યુદ્ધ પછી કૌરવોનાં માતા ગાંધારીએ ભગવાન શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યો હતો કે, જેવી રીતે કૌરવાનો નાશ થયો તેવી જ રીતે યદુવંશનો નાશ થાય. તો બીજી માન્યતા એ છે કે, ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર સાંબને કેટલાક ઋષિઓએ શ્રાપ આપ્યો હતો. તેના કારણે દ્વારકા ડૂબી ગઈ હતી. તેવામાં અત્યારે જ્યારે બિપોરજોય વાવાઝોડું દ્વારકા, પોરબંદર અને કચ્છ તરફ આગળ વધી રહ્યું છે. તેવામાં પ્રશ્નો એ ઊભા થઈ રહ્યા છે કે, શું ભગવાન શ્રીકૃષ્ણની દ્વારકા પણ કોઈ વાવાઝોડાનો શિકાર બની હતી કે, જે હંમેશા માટે દરિયામાં સમાઈ ગઈ હતી. તેના ઘણા એવા અવશેષો અનેક સંસ્થાઓ પછી હવે ASIને પણ મળ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દ્વારકાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દ્વારકાથી ૩૦ કિલોમીટર પર જ્યાં આજે પણ બોટથી જવું પડે છે. ત્યાં એક લાંબો પૂલ બની રહ્યો છે. તેને સિગ્નેચર બ્રિજ કહેવામાં આવશે. મુંબઈની સિલિંકની જેવો આ બ્રિજ દેખાશે.

આ સાથે જ સરકાર અહીં વિશ્વની સૌથી ઊંચી ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સ્થાપિત કરવાનું પણ વિચારી રહી છે. દ્વારકામાં રહેતા લોકો એવું માની રહ્યા છે કે, અત્યાર સુધી ગુજરાતમાં અનેક વાવાઝોડા અને ભૂકંપ આવ્યા, પરંતુ દ્વારકામાં એક ખરોચ પણ નથી આવી. તો આ વખતે પણ ભગવાન દ્વારકાધીશ જ દ્વારકાની રક્ષા કરશે. લોકોએ આ માટે દ્વારકાધીશ મંદિરમાં વધુ એક ધ્વજા પણ ચઢાવી છે.

### યુટ્યૂબે કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા

# હવે ૫૦૦ સબસ્કારઈબર્સ, ૩૦૦૦ વોચ અવર્સથી યુટ્યૂબ મોનેટાઈઝ થશે

## નાના ક્રિએટર્સને પૈસા કમાવવામાં ઘણી મદદ મળશે, પહેલા ૧૦૦૦ સબસ્ક્રાઈબર્સ ને ૪૦૦૦ વોચ અવર્સનો નિયમ હતો

નવી દિલ્હી, તા.૧૫

યુટ્યૂબએ તાજેતરમાં જ પોતાના યુટ્યૂબમોનેટાઈઝેશન ક્રાઈટેરિયામાં ફેરફાર કર્યો છે. તેનાથી નાના ક્રિએટર્સને પૈસા કમાવવામાં ઘણી મદદ મળશે. વાયપીપીમાં સામેલ થવા માટે પહેલાથી જ નિર્ધારિત માપદંડ બદલવામાં આવ્યા છે. અગાઉ યુટ્યૂબને મોનેટાઈઝ કરવા માટે ક્રિએટર્સ પાસે ૧,૦૦૦ સબ્સ્ક્રાઈબર્સ અને ૪,૦૦૦ વોચ અવર્સહોવા જરૂરી હતા. યુટ્યૂબપોતાના યુટ્યૂબપાર્ટનર પ્રોગ્રામ (વાયપીપી) હેઠળ મોનેટાઈઝેશન પોલીસીમાં લોકોને થોડી છૂટ આપી રહ્યું છે. આ છે નવી પોલિસી

- ૫૦૦ સબ્સક્રાઈબર
- ૩,૦૦૦ વોચ અવર્સ

તમને જણાવી દઈએ કે, કંપની દ્વારા આ નવી પોલિસી માત્ર કેટલાક દેશોમાં જ લાગુ કરવામાં આવી રહી છે. આ નિયમ હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ, કેનેડા, તાઈવાન અને દક્ષિણ કોરિયામાં લાગુ કરવામાં આવી રહ્યો છે. વાયપીપીપાત્રતામાં ફેરફારો ઉપરાંત યુટ્યૂબએ ક્રિએટર્સ માટે કમાણી કરવાની નવી સુવિધા રજૂ કરી છે. હવે નાના ક્રિએટર્સ માટે પેઈડ ચેટ, ટિપિંગ, ચેનલ મેમ્બરશિપ અને શોપિંગ ફીચર ઉપલબ્ધ છે. કંપનીના જૂના નિયમ પ્રમાણે યુટ્યૂબશોર્ટ્સ દ્વારા ચેનલ મેનિટાઈઝ કરાવા માટે ૧૦ મિલિયન વ્યૂઝની જરૂર હતી. આ સાથે, ૧,૦૦૦ સબ્સ્ક્રાઈબર્સની જરૂર હતી. કંપનીએ તેને બદલીને ૩ મિલિયન વ્યૂઝ કરી દીધા છે. અને ૫૦૦ સબ્સ્ક્રાઈબર્સ કરી દીધા છે. જો તમે ઘરે બેઠા તમારા સ્માર્ટ ટીવી પર યુટ્યુબનો આનંદ માણો છો તો તમારા માટે ખરાબ સમાચાર છે. યુટ્યૂબએ તેના ટીવી સબસ્ક્રિપ્શનની કિંમત વધારવાનું એલાન કર્યું છે. યુટ્યૂબદ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, સતત વધતા કન્ટેન્ટની કિંમતને કારણે સબસ્ક્રિપ્શનની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણય બાદ યુઝર્સને ટીવી પર યુટ્યુબ જોવા માટે દર મહિને ૬૪.૯૯ ડોલરના બદલે દર મહિને ૭૨.૯૯ ડોલર ચૂકવવા પડશે. નવા સભ્યો માટે નવી કિંમતો ૧૬ માર્ચથી શરૂ થઈ ગઈ છે. જ્યારે વર્તમાન સભ્યો માટે કિંમતમાં ફેરફાર ૧૮ એપ્રિલથી શરૂ થશે. વધુમાં, કંપનીએ કહ્યું કે તેઓ તેમના ૪કેપ્લસ એડ-ઓનની કિંમત પ્રતિ માસ ૧૯.૯૯ ડોલર પ્રતિ માસ ઘટાડીને ૯.૯૯ ડોલર પ્રતિ માસ કરી રહ્યા છે.

### પૃથ્વી પર થઇ રહેલી ગતિવિધિઓથી ચેતવું જરૂરી

# ૧૭૪ વર્ષના ઈતિહાસમાં ૨૦૨૩નો મે મહિનો ત્રીજો સૌથી ગરમ

## NOAASના વૈજ્ઞાનિકોના જણાવ્યાનુસાર પૃથ્વીની દરિયાઈ સપાટીનું તાપમાન સતત બીજા મહિને રેકોર્ડ સ્તરે રહ્યું

નવી દિલ્હી, તા.૧૫

પૃથ્વી પર થઈ રહેલી ગતિવિધિઓથી માનવી ચેતી જાય તો સારું. કેમ કે અવારનવાર વાવાઝોડાં, કાળઝાળ ગરમી, આંધી, અકાળે વરસાદ, ગ્લોબલ વોર્મિંગ જેવી સ્થિતિઓને કારણે પૃથ્વી પર માનવતા સામે મોટા પડકાર ઊભા થઈ રહ્યા છે. આ દરમિયાન નેશનલ સેન્ટર ફોર એન્વાયરોમેન્ટલ ઈન્ફર્મેશન એનઓએએસના વૈજ્ઞાનિકો દ્વારા જણાવ્યાનુસાર ૧૭૪ વર્ષના ઈતિહાસમાં ૨૦૨૩નો મે મહિનો વિશ્વમાં રેકોર્ડ ત્રીજો સૌથી ગરમ મહિનો રહ્યો હતો.

એનઓએએસના વૈજ્ઞાનિકોના જણાવ્યાનુસાર પૃથ્વીની દરિયાઈ સપાટીનું તાપમાન પણ સતત બીજા મહિને રેકોર્ડ સ્તરે રહ્યું હતું.

મે મહિનાનું સરેરાશ વૈશ્વિક તાપમાન ૨૦મી સદીની સરેરાશ ૫૮.૬ ડિગ્રી ફેરનહીટ (૧૪.૮ ડિગ્રી સે.) કરતાં ૧.૭૫ ડિગ્રી ફેરનહીટ (૦.૯૭ ડિગ્રી સે.) વધુ હતું જેના લીધે ૧૭૪ વર્ષના ઈતિહાસમાં આ મે મહિનો ત્રીજો સૌથી ગરમ મે મહિના તરીકે નોંધાયો હતો. મે ૨૦૨૩ એ સતત ૪૭મો મે અને ૨૦મી સદીની સરેરાશ કરતા વધુ તાપમાન ધરાવતો સતત ૫૩૧મો મહિનો રહ્યો હતો.

જો ખંડની વાત કરીએ તો ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકામાં મે મહિનો રેકોર્ડ સૌથી ગરમ મહિનો રહ્યો હતો. જ્યારે આફ્રિકા, એશિયા અને યુરોપમાં પણ આ મે મહિનો તેમના ટોપ-૨૦ ગરમ મહિનાઓમાં સામેલ રહ્યો હતો. જોકે એન્ટાર્કટિકા સરેરાશ મે મહિના કરતાં ઠંડો રહ્યો હતો.

### લાંબી વાતચીતની બની જશે નોટ્સ

# Truecaller માં ફરી આવ્યું કોલ રેકોર્ડિંગ ફીચર

## Truecaller એ યુએસમાં કોલ રેકોર્ડિંગ સેવા શરૂ કરી છે, ધીમે ધીમે કંપની તેને અન્ય દેશોમાં પણ રોલઆઉટ કરશે

નવી દિલ્હી, તા.૧૫

તમારામાંથી ઘણા લોકો ટ્રૂ-કોલર એપનો ઉપયોગ કરતા હશે. આ એપ્લિકેશન કૉલર- આઈડેન્ટિફિકેશન, કૉલ-બ્લોકિંગ, ફ્લેશ-મેસેજિંગ, કૉલ-રેકોર્ડિંગ, ચેટ અને વૉઈસની સર્વિસ આપે છે. જોકે ગયા વર્ષે કંપનીએ **iOS** અને **Android**માં કોલ રેકોર્ડિંગની સેવા બંધ કરી દીધી હતી. પરંતુ ફરી એકવાર આ સર્વિસ કંપનીએ શરૂ કરી છે. હાલમાં તે ભારતમાં ઉપલબ્ધ નથી અને રેકોર્ડિંગ સેવા પેઈડ વર્ઝનમાં ઉપલબ્ધ છે.

**Truecaller** એ યુએસમાં કોલ રેકોર્ડિંગ સેવા શરૂ કરી છે. ધીમે ધીમે કંપની તેને અન્ય દેશોમાં પણ રોલઆઉટ કરશે. કંપનીએ જણાવ્યું હતું કે **Truecaller** એ આઈફોન અને એન્ડ્રોઈડ બંને પર તેના ૩૫૦ મિલિયનથી વધુ એક્ટિવ યુઝર્સ માટે **AI**-સંચાલિત કૉલ રેકોર્ડિંગ સુવિધા શરૂ કરી છે જે આગામી મહિનાઓમાં યુએસમાં અને ધીમે ધીમે વિશ્વના વિવિધ ભાગોમાં રોલ આઉટ થશે. આ સાથે કંપનીએ કહ્યું કે એપની **AI**-સંચાલિત કાર્યક્ષમતા તેને અન્ય એપથી અલગ બનાવે છે.

કોલ રેકોર્ડિંગ સિવાય કંપનીએ કોલ્સને ટેક્સ્ટ મેસેજમાં ટ્રાન્સલેટ કરવાની સેવા પણ શરૂ કરી છે. જ્યારે લોકો કેટલીક મહત્વપૂર્ણ બાબતોની ચર્ચા કરતા હોય ત્યારે લાંબા કૉલ્સ દરમિયાન આ સુવિધા કામમાં આવશે. કંપનીએ કહ્યું કે હાલમાં આ ફીચર માત્ર અંગ્રેજી જ સમજે છે, જેને જલ્દી જ રોલઆઉટ કરવામાં આવશે. કંપની યુઝર્સને રેકોર્ડ કરેલા કોલ્સ સાંભળવા, રિનેમ, નકામા કોલ ડિલીટ કરવા અને શેર કરવાનો વિકલ્પ પણ આપશે. નોંધનીય છે કે આ વખતે કંપની કોલ રેકોર્ડિંગ માટે રેકોર્ડિંગ લાઈનનો ઉપયોગ કરી રહી છે જે ક્લાઉડ ટેલિફોની આધારિત સેવા છે. સરળ શબ્દોમાં કહીએ તો તમે તમારા કૉલ્સને ક્લાઉડ પર રેકોર્ડ કરી શકશો અને કૉલ પૂરો થયા પછી તેમને સાંભળી શકશો. જો તમે **iPhone** પર ઈનકમિંગ કોલ રેકોર્ડ કરવા માંગો છો તો આ માટે તમારે કોલ રીસીવ કરવો પડશે અને **Truecaller** એપ પર આવવું પડશે અને અહીં રેકોર્ડિંગ સર્ચ કરીને તેને શરૂ કરવું પડશે. આમ કરવાથી રેકોર્ડ લાઈન શરૂ થશે જેને તમારે મુખ્ય કોલ સાથે મર્જ કરવાની રહેશે. આઉટગોઈંગ કોલ્સ માટે સરખી જ પ્રક્રિયા રહેશે. આમાં તમારે પહેલા કોલ લાઈન શરૂ કરવી પડશે અને પછી ફોનબુકમાંથી કોઈપણ વ્યક્તિને કોલ કરીને બંને કોલ મર્જ કરવા પડશે.

### લોકસભાની ચૂંટણી પહેલાં વંદેભારતની ગિફ્ટ

# વંદેભારત ટ્રેની પોલ ખુલી, કોચમાં પાણી ટપકતો વીડિયો સામે આવ્યો

## નવા વીડિયોમાં એસી વેન્ટની નીચે આવેલ કમ્પાર્ટમેન્ટની અંદરના ઓટોમેટીક દરવાજા પર પાણી પડી રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૫

પાછલાં કેટલાંક મહિનાઓથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિવિધ શહેરોના લોકોને વંદે ભારત પ્રિમિયમ એક્સપ્રેસ સેવાની ગીફ્ટ આપી રહ્યાં છે. જોકે લોકસભા ચૂંટણી પહેલાં કંપનીઓને વધારે વંદે ભારત બનાવવાનો મોટો ટાર્ગેટ આપવામાં આવ્યો હોવાથી આ ટ્રેન ઉતાવળે બનાવાઈ હોવાના કિસ્સા સામે આવે રહ્યાં છે.

ત્યારે હવે વંદે ભારત ટ્રેનમાં પહેલાં જ વરસાદે કોચમાં પાણી ટપકતું હોવાનો વિડીયો સામે આવ્યો છે. જોકે આ પહેલીવાર નથી બન્યું કે વંદે ભારત ટ્રેનમાં પાણી ટપક્યું હોય, અગાઉ એપ્રિલ મહિનામાં પણ વંદે ભારતના એક્ઝિક્યુટિવ કોચમાં પાણી ટપકવાની સમસ્યા સર્જાઇ હતી. ત્યારે આ પ્રિમિયમ ટ્રેનની પહેલાં વરસાદે પોલ ખોલી હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ દ્વારા એક વિડીયો શેર કરવામાં આવ્યો છે. એપ્રિલ મહિનામાં થિરુવનંતપુરા-કાસરગોડ માટે શરુ કરવામાં આવેલ વંદે ભારત ટ્રેનના એક્ઝિક્યુટિવ કોચમાં પાણી ટપકવાની સમસ્યા સર્જાઇ હતી. એસી વેન્ટમાંથી પાણી ટપકતું હતું. ત્યારે હવે જે નવો વિડીયો આવ્યો છે એમાં પણ એસી વેન્ટની નીચે આવેલ કમ્પાર્ટમેન્ટની અંદરના ઓટોમેટીક દરવાજા પર ટીપ ટીપ પાણી પડી રહ્યું હતું. એટલું બધુ પાણી ભરાઇ રહ્યું હતું કે રેલવે કર્મચારીઓમાં દોડભાગ મચી જવા પામી હતી. કોઇ ઉપાય ન મળતાં આખરે ઘરની છત જ્યારે ટપકે છે ત્યારે તેની નીચે જે રીતે ડોલ કે વાસણ મૂકવામાં આવે છે તેવી જ રીતે કર્માચારીઓએ ખાદ્યપદાર્થ મૂકવાની ટ્રેનો ઉપયોગ પાણી બેગુ કરવા માટે કર્યો હતો.

તેમ છતાં કર્મચારીઓ પાણી ભરાતું રોકી શક્યા નહતાં. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લાં ઘણાં સમયથી વંદે ભારત ટ્રેનને અકસ્માતો નડી રહ્યાં છે. પ્રાણીઓ ટ્રેન સાથે ટકરાતાં ઘણીવાર ટ્રેનનું આગળનું બંપર તૂટી ગયું હોવાની જાણકારી મળી છે. આ કારણોસર પણ વંદે ભારત અનેકવાર વિપક્ષના નિશાના પર આવી છે.

ઉલ્લેખનીય છે કે આ ઘટના ક્યારની છે, ક્યા રાજ્યના ટ્રેનમાં ઘટી છે તેનો કોઈ ખૂલાસો વિડીયોમાં કરવામાં આવ્યો નથી. જોકે કેરળ કોંગ્રેસે આ ઘટનાનો વિડીયો પોસ્ટ કર્યો છે.

### એશિયા કપની ૧૬મી આવૃત્તિની તારીખો જાહેર કરાઈ

# પાક.-શ્રીલંકાની યજમાનીમાં ૩૧ ઓગસ્ટથી ૧૭ સપ્ટે. માં એશિયાકપ

## પાકિસ્તાનમાં ચાર અને બાકીની મેચો શ્રીલંકામાં યોજાશે

દુબઈ, તા.૧૫

આઈસીસીએ તેના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર એશિયા કપ ૨૦૨૩ની તારીખો જાહેર કરી છે. એશિયા કપ ૨૦૨૩ની શરૂઆત ૩૧ ઓગસ્ટે પાકિસ્તાન અને શ્રીલંકાની યજમાનીમાં થશે અને અંતિમ મેચ ૧૭ સપ્ટેમ્બરના રોજ રમાશે.

એશિયા કપની ૧૬મી આવૃત્તિની તારીખો જાહેર કરવામાં આવી છે, જેમાં પાકિસ્તાન ચાર મેચોની યજમાની કરશે અને બાકીની મેચો શ્રીલંકામાં યોજાશે. આ ટુર્નામેન્ટ ૩૧ ઓગસ્ટથી શરૂ થશે અને ૧૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ ટુર્નામેન્ટમાં ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને નેપાળ ભાગ લેશે જેમાં કુલ ૧૩ વનડે મેચો રમાશે.

એશિયા કપ ૨૦૨૩ની ટુર્નામેન્ટમાં ત્રણ-ત્રણ ટીમોના બે ગ્રુપ હશે, જેમાં ટોપની બે ટીમ સુપર ફોર સ્ટેજમાં પ્રવેશ કરશે. સુપર ફોરની ટોપની બે ટીમો ૧૭ સપ્ટેમ્બરે ફાઈનલ રમશે. ભારત, પાકિસ્તાન અને નેપાળ એક ગ્રુપમાં છે જ્યારે શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન બીજા ગ્રુપમાં છે.

એશિયા કપમાં શરૂઆતના ગ્રુપ સ્ટેજની ચાર મેચ પાકિસ્તાનમાં રમાશે. જેમાં એક ગ્રુપમાંથી પાકિસ્તાન અને નેપાળ વચ્ચે મેચ રમાશે અને બીજા ગ્રુપમાંથી અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને શ્રીલંકા, બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે મેચ રમાશે.

જયારે શ્રીલંકામાં ગ્રુપ સ્ટેજથી ભારત અને પાકિસ્તાન, ભારત અને નેપાળ વચ્ચે મેચ રમાશે. આ પછી બંને ગ્રુપમાંથી ટોપ-૨ ટીમ સુપર-૪માં પ્રવેશ કરશે. સુપર-૪ની તમામ મેચ અને ફાઈનલ શ્રીલંકામાં રમાશે.

### બેન્કિંગ સેક્ટરના શેરમાં બ્રેક લાગી હતી

# સેન્સેક્સમાં ૩૧૧, નિફ્ટીમાં ૭૫ પોઈન્ટનો કડાકો જોવાયો

મુંબઈ, તા.૧૫

સ્થાનિક શેરબજારો ગુરુવારે ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૩૧૦.૮૮ પોઈન્ટ્સ અથવા ૦.૪૯ ટકા ઘટીને ૬૨,૯૧૭.૬૩ પોઈન્ટ પર બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૭૫.૦૫ પોઈન્ટ્સ અથવા ૦.૪ ટકાના ઘટાડા સાથે ૧૮,૬૮૦.૮૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. હીરો મોટોકોર્પનો શેર નિફ્ટીમાં ૩.૫૮ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. તેવી જ રીતે, ઝીલમાં ૪% થી વધુ બ્રેક જોવા મળ્યો હતો.

વિપ્રો, ઈન્ડસઈન્ડ બેંક, એસબીઆઈ, કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, ઈન્ફોસીસ, સેન્સેક્સ પર ટીસીએસ, એચડીએફસી (એચડીએફસી), હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ), ટાટા મોટર્સ (ટાટા મોટર્સ), બજાજ ફિનસર્વ (બજાજ ફિનસર્વ), એનટીપીસીઅને અલ્ટ્રાટેક સિમેન્ટ્સ (અલ્ટ્રાટેક સિમેન્ટ્સ)ના શેર લાલ નિશાન સાથે બંધ થયા.

સેન્સેક્સ પર નેસ્લે ઈન્ડિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઈટીસી, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેક, મારુતિ, બજાજ ફાઈનાન્સ, મહિન્દ્રા (ટેક મહિન્દ્રા), ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો અને સન ફાર્માના ટેક શેર્સ ઉછાળા સાથે બંધ થયા હતા.સેક્ટર્સની વાત કરીએ તો બેંક ઈન્ડેક્સ એક ટકા ઘટીને બંધ રહ્યો હતો. રિયાલિટી ઈન્ડેક્સ લગભગ એક ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૫ ટકા ઘટીને બંધ થયા છે. એ જ રીતે ફાર્મા ઈન્ડેક્સ એક ટકા અને એફએમસીજી ઈન્ડેક્સ ૦.૫ ટકા વધીને બંધ થયા છે. જિયોજીત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે ફેડ રિઝર્વના અત્યંત આક્રમક વલણને સ્થાનિક શેરબજારે પ્રતિક્રિયા આપી છે. મતલબ કે આવનારા સમયમાં વ્યાજ દર બે ગણો વધી શકે છે. જોકે, તેણે હવે તેને રોકવાનો નિર્ણય કર્યો છે.

### રાજ્યમાં આગળ વધતું ખતરનાક બિપરજોય વાવાઝોડું

# રાજ્યમાં અનેક સ્થળે વરસાદ, ૭૩૪ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો

## પાટણ જિલ્લામાં ૧૭મી સુધી શાળાઓ બંધ, કચ્છ સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાંથી કુલ ૯૪૦૦૦ લોકોને સુરક્ષિત સ્થાનો પર ખસેડવામાં આવ્યા

અમદાવાદ, તા.૧૫

હવામાન વિભાગના તાજા અપડેટ અનુસાર બિપરજોય વાવાઝોડું હવે જખૌથી ફક્ત ૧૧૦ કિલોમીટર દૂર રહી ગયું છે. જ્યારે દેવભૂમિ દ્વારકાથી ફક્ત ૧૬૦ કિલોમીટરનું જ અંતર રહી ગયું છે. દ્વારકામાં એટલી હદે પવન ફૂંકાઈ રહ્યો છે કે જેના કારણે મીઠાપુરમાં ટાટાના પ્લાન્ટનો શેડ જ ઊડી ગયો હતો. એનડીઆરએફની ટીમના સભ્યો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. હવામાન વિભાગની લેટેસ્ટ માહિતી અનુસાર વાવાઝોડું હવે જખૌથી ફક્ત ૧૨૦ કિ.મી. દૂર રહી ગયું છે. અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થઈ ગયો છે. એસ.જી. હાઈવે સહિત અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. બિપરજોય વાવાઝોડું ઝડપી ગતિએ હવે ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર હવે જખૌ પોર્ટથી વાવાઝોડું ફક્ત ૧૪૦ કિલોમીટર જ દૂર રહી ગયું છે. જ્યારે પોરબંદરથી ૨૯૦ કિ.મી. દૂર છે. તેનો ઘેરાવ ૫૦ કિલોમીટરનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. બિપરજોય દર કલાકે ૮ કિ.મી. આગળ વધી રહ્યું છે. તેની ઝડપ વધી ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાયેલી બેઠક દરમિયાન વાવાઝોડાની વર્તમાન સ્થિતિ અને પૂર્વાનુમાન ઉપરાંત તંત્ર દ્વારા નાગરિકોના સ્થાળાંતર, વીજ અને પાણી પૂરવઠો, સંદેશાવ્યવહાર, વન્યજીવોની સુરક્ષા જેવી પહેલાથી કરાયેલી તૈયારીઓની વિગતો મેળવીને તેના પર જરૂરી ચર્ચા વિચારણાં બાદ સૂચનો કરાયા હતા.

જામનગર શહેરમાં વાવાઝોડાની માઠી અસર જોવા મળી છે. અહીં ૫ દિવસ દરમિયાન ૯૫ થી વધુ ઝાડ જમીનદોસ્ત થઈ ગયા હોવાના અહેવાલો મળ્યા છે. છેલ્લા ૫ દિવસથી ભારે પવનના કારણે અનેક સ્થળે ઝાડ પડી ગયાના અહેવાલો પછી મહાનગરપાલિકાની ફાયર શાખા ની ટુકડી જુદા જુદા વિસ્તારોમાં દોડતી થઈ છે, અને જાહેર માર્ગ પર પડેલા ઝાડની ડાળીઓ વગેરેને દૂર કરવા માટેની કવાયત હાથ ધરી છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાવાઝોડાની અસર રવિવારથી જોવા મળી હતી, અને બન્ને જિલ્લાના ૭૩૪ ગામોમાં તોફાની વંટોળીયા સાથેના પવન ને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. ૩૮૨ ગામમાં વીજ પુરવઠો કાર્યરત થઈ ગયો છે, જ્યારે ૩૫૨ ગામોમાં સમારકામ ની પ્રક્રિયા ચાલી રહી છે. ૫ દિવસ દરમિયાન કુલ ૧૧૦૪ વીજ થાંભલાઓ પડી ગયા હતા, જ્યારે ૨૮ વિજ ટ્રાન્સફોર્મર જમીન દોસ્ત થયા છે જેના કારણે ૨ કરોડ ૧૮ લાખની નુકસાની થઈ છે.

માહિતી અનુસાર અત્યાર સુધીમાં કચ્છ સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાંથી કુલ ૯૪૦૦૦ લોકોને સુરક્ષિત સ્થાનો પર ખસેડવામાં આવ્યા છે. સૌથી વધુ કચ્છમાંથી ૪૬૮૨૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

જેમ જેમ વાવાઝોડું નજીક આવી રહ્યું છે તેમ તેમ તે વધારે ગંભીર થતું જઈ રહ્યું છે. આ દરમિયાન જામનગરના રોઝી બંદરે ૧૦ નંબરનું સિગ્નલ લગાવાયું છે. આ વાવાઝોડાંના ગંભીર થવાના સંકેત આપે છે.

અમદાવાદ પોલીસની જાહેરાત અનુસાર જો શહેરમાં વધુ વરસાદ પડશે તો વાહનચાલકોની સલામતીને ધ્યાનમાં રાખી તમામ અંડરબ્રિજ બંધ કરી દેવાશે. સ્થાનિકોને અંડરબ્રિજનો ઉપયોગ ન કરવા પોલીસે સૂચના આપી છે.

પાટણ જિલ્લામાં શાળા અને કોલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનું વહીવટી તંત્ર દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. આ જાહેરનામા હેઠળ રાધનપુર, સાંતલપુર અને સમી તાલુકામાં ૧૫ થી ૧૭ જૂન સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવશે.

હવામાન વિભાગની અનુસાર, સાયક્લોનના લેન્ડફોલ બાદ કચ્છ, જામનગર, દ્વારકા, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ,અમદાવાદ, સુરેન્દ્રનગર, અમરેલી અને ભાવનગર, બોટાદ, દિવમાં ગાજવીજ સાથે ભારે વરસાદ થઈ શકે છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન એવા અહેવાલ મળ્યા છે કે બિપરજોય વાવાઝોડાના લેન્ડફોલમાં વિલંબ થઈ શકે છે. તે સાંજે કે પછી મોડી રાતે લેન્ડફોલ કરશે તેવી શક્યતા છે. વાવાઝોડું રાત્રે ૮-૩૦ થી ૯ વાગ્યા વચ્ચે ટકરાઈ શકે છે. પવનની ઝડપ ૧૧૫થી ૧૨૫ પ્રતિકલાક રહી શકે છે. વાવાઝોડું કચ્છના દરિયા કિનારે ટકરાશે. હવામાન વિભાગના અહેવાલ અનુસાર વાવાઝોડું થોડુંક ધીમું પડ્યું છે. જેના લીધે તે ગુજરાતના તટથી ટકરાવામાં વિલંબ કરી શકે છે. આ સાથે અહેવાલ એવા પણ છે કે અમદાવાદમાં પણ વાવાઝોડાંની અસર જોવા મળી શકે છે.

### આસામમાં પૂરની અત્યંત ગંભીર સ્થિતિ

# આસામમાં પૂરથી ૨૧ હજાર લોકો પ્રભાવિત, ૩ દિવસ માટે ઓરેન્જ એલર્ટ

## પૂરના કારણે ૧૯ ગામોમાં પાણી ઘૂસી ગયા છે જ્યારે ૧૩.૫ હેક્ટરથી વધુ જમીન પરના પાકને નુકસાન થયું

દીસપુર, તા.૧૫

દેશના પશ્ચિમ ભાગમાં જ્યારે વાવાઝોડા બિપરજોયનો ખતરો મંડરાય રહ્યો છે ત્યારે પૂર્વમાં ઘણા લોકો પૂરથી પ્રભાવિત થયાના સમાચાર આવી રહ્યા છે. આસામમાં પૂરથી લગભગ ૨૧ હજાર લોકો પ્રભાવિત થયાની માહિતી આપવામાં આવી હતી.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અહેવાલ મુજબ લખીમપુરમાં ૨૦ હજારથી વધુ જ્યારે ધેમાજીમાં ૧૬૦ જેટલા લોકો પ્રભાવિત થયા છે. આ ઉપરાંત ૧૯ ગામોમાં પાણી ઘૂસી ગયા છે જ્યારે ૧૩.૫ હેક્ટરથી વધુ જમીન પરના પાકને નુકસાન થયું છે.

આસામના લખીમપુર, વિશ્વનાથ, દરરંગ, ધેમાજી, દિમા હસાઓ, ડિબ્રુગઢ અને ગોલાઘાટ જિલ્લાઓ સહિત અન્ય જિલ્લાઓમાં પૂરના પાણી માત્ર ઘરોમાં ઘૂસ્યા નથી પણ પાળા, રસ્તા, પુલને પણ નુકસાન કર્યું છે. ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં, આસામ રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદ બાદ પૂર આવ્યું છે જેને પગલે અનેક વિસ્તાર જળબંબાકાર થયા છે. જો કે આ વચ્ચે એક રાહતના સમાચાર છે કે હાલમાં કોઈ નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી નથી.

ગુવાહાટી સ્થિત પ્રાદેશિક હવામાન કેન્દ્રએ જણાવ્યું કે આગામી પાંચ દિવસમાં ઉત્તરપૂર્વમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ ભારતમાં બંગાળની ખાડીમાંથી તીવ્ર નીચા-સ્તરના દક્ષિણ/દક્ષિણપશ્ચિમ પવનોને કારણે ભેજ પ્રવર્તે તેવી શક્યતા છે. તેના પ્રભાવને કારણે આગામી પાંચ દિવસ દરમિયાન પૂર્વોત્તર વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આગામી ત્રણ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તેના બાદ બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### ભારતીય બોર્ડના પૂર્વ અધ્યક્ષનું નિવેદન

# હાર્દિક પંડ્યાને ટેસ્ટ રમવા સૌરવ ગાંગુલીની અપીલ

નવી દિલ્હી, તા.૧૫

ડબલ્યુટીસીફાઈનલમાં ભારતને ઓસ્ટ્રેલિયાએ હરાવી દીધુ. ડબલ્યુટીસીફાઈનલમાં ભારતને મળેલી હાર બાદ ટીમ ઈન્ડિયાની ખૂબ ટીકા થઈ રહી છે. ટીમના પૂર્વ કેપ્ટન અને બીસીસીઆઈઅધ્યક્ષ સૌરવ ગાંગુલીએ ટીમ ઈન્ડિયા અંગે એક ખાસ નિવેદન આપ્યુ છે. સૌરવ ગાંગુલીએ ખાસ કરીને એક ખેલાડીને ટેસ્ટ મેચ રમવાની અપીલ કરી છે. સૌરવ ગાંગુલીએ હાર્દિક પંડ્યાને અપીલ કરી છે. ગાંગુલી ઈચ્છે છે કે હાર્દિક પંડ્યા ટેસ્ટ ક્રિકેટ રમે. સૌરવ ગાંગુલીએ કહ્યુ કે, ''હાર્દિકને હુ ટેસ્ટમાં રમતો જોવા માંગુ છુ. ખાસ કરીને આવી વિકેટ પર તેઓ શ્રેષ્ઠ ક્રિકેટર છે. હુ આશા કરી રહ્યો છુ કે હાર્દિક મને સાંભળી રહ્યા હશે.'' આ સિવાય પૂર્વ કેપ્ટને પોતાની વાતને આગળ વધારતા કહ્યુ, ભારતની પાસે ટેલેન્ડનો ભંડાર છે, ઘરેલુ ક્રિકેટમાં અમુક શાનદાર ખેલાડી છે અને આ તમને ત્યારે જ ખબર પડશે જ્યારે તમે તેમને તક આપશો. જયસ્વાલ હોય કે પાટીદાર, બંગાળના અભિમન્યુ ઈશ્વરન ઘરેલુ ક્રિકેટમાં ખૂબ રન બનાવે છે... શુભમન ગિલ યુવાન છે, ઋતુરાજ ગાયકવાડ અને મને આશા છે કે હાર્દિક પંડ્યા સાંભળી રહ્યા હશે. હુ તેમને ટેસ્ટ ક્રિકેટમાં રમતા જોવા માંગુ છુ.

ઉલ્લેખનીય છે કે હાર્દિક પંડ્યા ઓગસ્ટ ૨૦૧૮થી ટેસ્ટ ક્રિકેટથી દૂર છે. તાજેતરમાં જ હાર્દિકે ટેસ્ટમાં રમવા અંગે કહ્યુ હતુ કે ''જો હુ ટેસ્ટ ક્રિકેટ રમવા ઈચ્છુ છુ, તો મારે આકરી મહેનતમાંથી પસાર થવુ પડશે, અને પછી પાછો આવીશ... હાર્દિકે કહ્યુ હતુ કે મને નથી લાગતુ કે મે ટેસ્ટમાં હજુ પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે, મારે ટેસ્ટ રમવી હોય તો આકરી મહેનત કરવી પડશે.''

સતત બીજીવખત ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચીને મેચ હારી ગઈ છે. ૨૦૨૧માં કોહલીની કેપ્ટનશિપમાં ભારતને ન્યૂઝીલેન્ડે ડબલ્યુટીસીફાઈનલમાં ૮ વિકેટથી હરાવી દીધુ હતુ.

### વાવાઝોડું કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરફ આગળ વધ્યું

# જખૌમાં ૨૦૦૦ લોકોનું સ્થળાંતર પણ ૧૫૦થી વધુ સ્ટ્રીટ ડોગ રહી ગયા

## ભુખ્યા-તરસ્યા સ્ટ્રીટ ડોગને બચાવવા જીવદયા પ્રેમીઓએ પોલીસની મદદથી જખૌ જઇને કુતરાઓને ભોજન પુરું પાડયું

ભૂજ, તા.૧૫

વિનાશક વાવાઝોડુ બિપર જોય કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરફ આગળ વધી રહયું છે. હવામાન ખાતાનું માનવું છે કે આ વાવાઝોડુ કચ્છમાં જખૌ અને પાકિસ્તાનના કરાંચી બંદરની વચ્ચે ત્રાટકી શકે છે. જખૌ સહિતના દરિયાકાંઠે મોજામાં કરંટ જોવા મળી રહયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જખૌમાં ૨૦૦૦ જેટલા માનવીઓનું સ્થળાંતર થયું પરંતુ જખૌમાં ૧૫૦ થી વધુ સ્ટ્રીટ ડોગ રહી ગયા છે. માનવીઓને યાદ કરવામાં આવ્યા પરંતુ અબોલા પશુઓને કોણ યાદ કરે ? જીવદયા પ્રેમી વોટસએપ ગ્રુપમાં ભુખ્યા અને તરસ્યા સ્ટ્રીટ ડોગને બચાવવા જરુરી છે એવો મેસેજ ફરતા જીવના જોખમે કેટલાક જીવદયા પ્રેમીઓએ પોલીસની મદદથી જીવના જોખમે જખૌ જઈને કુતરાઓને ભોજન પુરુ પાડયું હતું. ઘણા દિવસો પછી ભોજન મળતા કેટલાક સ્ટ્રીટ ડોગ ખોરાક પર તૂટી પડયા હતા. હજુ પણ ઘણા ડોગ ભૂખ્યા છે ભૂલે ચૂકે વાહનચાલક પસાર થાય ત્યારે આસપાસ ઘેરી વળે છે.

જખૌમાં જ રહી ગયેલા ભૂખ્યા તરસ્યા ડોગનું વાવાઝોડું આવશે ત્યારે શું થશે તે જીવદયા પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

### વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં હાર્યા બાદ ચર્ચાએ જોર પકડ્યું

# રોહિતને હટાવીને અશ્વિન કે રહાણેને સુકાની બનાવવા માગ

નવી દિલ્હી, તા.૧૫

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામેની હાર બાદ ભારતીય ક્રિકેટ ટીમને ઘણું સાંભળવું પડી રહ્યું છે. ટીમના કેપ્ટન રોહિત શર્માની કેપ્ટનશીપ પર હવે સવાલ ઉઠી રહ્યા છે. લોકોને આશા હતી કે વિરાટ જે નથી કરી શક્યો, કદાચ રોહિત કરશે, ટીમ ઈન્ડિયાનું આઈસીસીટ્રોફી જીતવાનું સપનું પૂરું કરશે. પરંતુ છેલ્લા લગભગ ૮ મહિનામાં ભારતીય ટીમ આઈસીસીની બે ઈવેન્ટના નોકઆઉટમાં હારી ગઈ અને આ સપનું ફરી ચકનાચૂર થઈ ગયું. આ જ કારણ છે કે રોહિત હવે લોકોના નિશાના પર આવી ગયો છે. પૂર્વ બેટ્સમેન અને ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સેલેક્ટરે હવે રોહિતને કેપ્ટનશીપથી હટાવવાની અને બીજા અન્ય ખેલાડીને કેપ્ટનશીપ સોંપવાની માંગ કરી છે.પૂર્વ ઓપનર દેવાંગ ગાંધીએ વર્તમાન પસંદગી સમિતિને સલાહ આપી હતી કે હવે તેઓએ રોહિત શર્મા સાથે ભવિષ્યને લઈને વાત કરવી જોઈએ. એટલું જ નહીં પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેની કેપ્ટનશીપ ચાલુ રાખવા માટે પણ ચર્ચા થવી જોઈએ. બે વર્ષ પછી જયારે ત્રીજા ડબલ્યુટીસીની ફાઈનલ યોજાશે ત્યારે શું રોહિત ટીમનો હિસ્સો હશે, તે તમામ ચર્ચાનો વિષય છે. હવે સેલેક્શન કમિટીએ ટીમ ઈન્ડિયા માટે આગળનો રસ્તો નક્કી કરવાની જરૂર છે. રોહિત જો કેપ્ટનશીપ માટે તૈયાર નથી તો હવે ટીમે તેનો વિકલ્પ શોધવો જોઈએ. તે વિકલ્પો અજિંક્ય રહાણે અથવા રવિચંદ્રન અશ્વિન હોઈ શકે છે. રહાણેને આંતરરાષ્ટ્રીય સ્તરે કેપ્ટનશીપનો અનુભવ પણ છે અને તેણે ટીમની કેપ્ટનશીપ કરતી વખતે વર્ષ ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફી જીતી હતી. દેવાંગ ગાંધીએ કહ્યું કે, જો રોહિત તૈયાર નથી અને તે કેપ્ટન માટે યોગ્ય નથી તો આ બંને ભારતીય ટીમ માટે સારા વિકલ્પ હોઈ શકે છે. નહિંતર આ સિવાય કેપ્ટન તરીકે અન્ય કોઈપણ ખેલાડીને તૈયાર કરી શકાય છે જે લાંબા સમય સુધી ટીમ માટે ઉપયોગી થશે.

ગાંધીએ વધુમાં કહ્યું હતું કે આવનારા દિવસોમાં ભારતીય ક્રિકેટ પણ વિભાજિત કેપ્ટનશીપ તરફ જઈ શકે છે. ઈંગ્લેન્ડ જેવી ટીમને પણ આનાથી ઘણો ફાયદો થયો છે. હાર્દિક પંડ્યા ભારતીય ટી૨૦ ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો છે. આ સાથે જ રોહિત શર્મા ટેસ્ટમાં કેપ્ટનશીપ કરતો જોવા મળી રહ્યો છે. ભવિષ્યમાં અલગ-અલગ ફોર્મેટ માટે અલગ-અલગ કેપ્ટન જોવાનું નવાઈ નહીં લાગે. રોહિતે માર્ચ ૨૦૨૨માં શ્રીલંકા સામેની હોમ સિરીઝમાં પ્રથમ વખત ટેસ્ટમાં કેપ્ટનશીપ કરી હતી. તેમની કેપ્ટનશીપમાં ભારતીય ટીમે ૭ ટેસ્ટ મેચ રમી છે, જેમાંથી ચારમાં જીત અને બેમાં હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે એક મેચ ડ્રો રહી હતી.

### બિપોરજોય ચક્રવાતને લઈને નિર્મલા સીતારમણે બેક્રોને આપ્યા આદેશ

# ઢોર અને હોડીના વીમાનો ફટાફટ નિકાલ થશે : નિર્મલા સીતારમણ

## નિર્મલા સીતારમણે કહ્યું કે, જીવન, મત્સ્ય પાલન, પશુધન, પાક, હોડી અને સંપત્તિના નુકસાનને સામે આવતા ક્લેમનું ફટાફટ નિવારણ લાવવું જોઈએ

નવી દિલ્હી, તા.૧૫

અરબ સાગરમાંથી ઉઠી રહેલા ચક્રવાતી તોફાન બિપોરજોયને લઈને સરકાર દરેક મોર્ચે તૈયારી કરી રહી છે. ગુજરાત તટ તરફથી આગળ વધી રહેલા અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન આજે કચ્છના જખૌ બંદર નજીક ટકરાશે. તેને લઈને સુરક્ષાની કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જો કે, તેમ છતાં પણ જાનમાલના નુકસાનનો ખતરો રહેલો છે. આ દરમ્યાન કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેર ક્ષેત્રની બેક્રો અને વીમા કંપનીઓનેના મેનેજમેન્ટ સાથે તોફાનને લઈને એક સમીક્ષા બેઠક કરી હતી. જેમાં વીમા કંપનીઓને ક્લેમનું ફટાફટ નિકાલ કરવા માટે કહેવામાં આવ્યું છે. તો વળી ચક્રવાતથી પ્રભાવિત ક્ષેત્રોમાં કર્મચારીઓની સુરક્ષાને લઈને બેક્રોને પાક્કી વ્યવસ્થા કરવા માટે કહેવામાં આવ્યું છે.

તોફાનની ચેતવણી જાહેર થયા બાદ સામાન્ય લોકો અને માછીમારોને સુરક્ષિત સ્થાન તરફ મોકલી દેવામાં આવ્યા છે. તેમ છતાં પણ તટ પર રહેલી હોડી, ખેતરમાં ઊભો પાક અને ઢોર તતા અન્ય પશુધનને નુકસાન પહોંચવાની આશંકા વ્યક્ત કરાઈ છે. નાણા મંત્રાલયે ટ્વિટ કર્યુ છે કે, નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, જીવન, મત્સ્ય પાલન, પશુધન, પાક, હોડી અને સંપત્તિના નુકસાનને સામે આવતા ક્લેમનું ફટાફટ નિવારણ લાવવું જોઈએ. બેઠક દરમ્યાન નિર્મલા સીતારમણે કહ્યું કે, તમામ આપદા નિયમોનું પાલન કરવાની સાથે સાથે કર્મચારીઓને તેના વિશે જાગૃત કરવા જોઈએ. બેક્રો અને વીમા કંપનીઓએ એ નક્કી કરવું જોઈએ કો, બિપોરજોય ચક્રવાત દરમ્યાન કર્મચારીઓની યોગ્ય દેખરેખ, ભોજન અને દવા મળે. બેઠકમાં બેક્રો અને વીમા કંપનીઓના એમડીએ બિપોરજોય ચક્રવાતને ધ્યાને રાખી સાવધાનીના ઉપાયો વિશે વિસ્તૃત જાણકારી આપવી જોઈએ.

# અબોલ જીવો, કામધેનુ, વૃક્ષોની તો દયા કર પ્રભુ



અબોલ જીવો, કામધેનુ, વૃક્ષોની તો દયા કર પ્રભુ
વર મર્યો, કન્યા મરી, હવે તો તરભાણું ભર પ્રભુ
અબોલ જીવો, કામધેનુ, વૃક્ષોની તો દયા કર પ્રભુ
માન્યુ માનવનો પાપનો ઘડો છલકાયો તેનું આ તાંડવ
તું તો માવતર છો ને, બસ હવે તો હાઉ કર પ્રભુ
દે એક તક સુધરવાની તારી શ્રેષ્ઠ રચના માનવને
તું ય માનવ જેવો જ સ્વાર્થી વ્યવહાર કાં કર પ્રભુ
તે કીધું તું 'પરિત્રાણાંય સાધુ નામ' ને 'સંભવામી યુગેયુગે'
બધું સમુંનમું કરવા ને તું હવે તો અવતર પ્રભુ
આટલી વાર લાગે તે અમો સૌ સમજી ગયાં છીએ
અમારો આંતરનાદ હવે તો સાંભળ સચરાચર પ્રભુ

– મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

### ધરતીકંપ સામે અડીખમ રહેલા કચ્છ પર હવે વાવાઝોડાનું સંકટ

# કચ્છમાં સાંકટ વચ્ચે ૩૫ હજારથી વધુ લોકોનું સ્થળાંતર

માંડવી, તા.૧૫

કચ્છી માંડુની હામ, આપત્તિઓ સામે લડવાના જોમના હંમેશાથી વખાણ થતાં રહ્યા છે. ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપ પછી કચ્છમાં જે ઔદ્યોગિક વિકાસ થયો છે તે પ્રશંસનીય છે. આ પછી પણ કેટલીયવાર કચ્છમાં નાના-મોટા ભૂકંપના આંચકા આવતા રહે છે. પરંતુ દરેક વખતે આ જિલ્લો હિંમતથી વિપદાનો સામનો કરે છે.

હવે ફરી એકવાર કચ્છ કુદરતના કોપનો ભોગ બનવા જઈ રહ્યું છે કારણકે સાયક્લોન બિપોરજોય આજે સાંજે કચ્છમાં ટકરાવાનું છે અને તેની તીવ્રતા એટલી હશે કે વ્યાપક પ્રમાણમાં નુકસાન પહોંચાડી શકે છે. જખૌ બંદર પર સાંજે ૪થી૮ વાગ્યાની વચ્ચે બિપોરજોય વાવાઝોડું ટકરાશે તેવી સંભાવના છે. વાવાઝોડું ત્રાટકશે એ વખતે પવનની ગતિ ૧૨૫-૧૩૫ પ્રતિ કલાકથી ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની હોઈ શકે છે. ફક્ત કચ્છમાં જ નહીં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, રાજકોટ, જૂનાગઢ અને મોરબીમાં પણ ભારે પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડાના કારણે કાચા મકાનો, વીજ થાંભલા અને મોબાઈલ ટાવર્સ પડી શકે છે ઉપરાંત રોડ-રસ્તાને પણ ગંભીર નુકસાન થઈ શકે છે, રેલવે ટ્રેક પર પાણી ફરી વળી શકે છે, ધૂળની ડમરીઓના લીધે વિઝિબિલિટી ઘટી શકે છે.

ઉપરાંત ઊભા પાક, બગીચાઓ અને ફૂલ-છોડને નુકસાન થઈ શકે છે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, જૂનાગઢ અને અને રાજકોટ સહિતના જિલ્લાઓમાં વાવાઝોડના લીધે આટલું નુકસાન થઈ શકે છે તેમ હવામાન વિભાગે બહાર પાડેલા બુલેટિનમાં જણાવાયું છે. વાવાઝોડા દરમિયાન એકપણ વ્યક્તિનું મોત ના થાય તે માટે વિવિધ સરકારી એજન્સીઓ દિવસ-રાત કામ કરી રહી છે.

બુધવાર સાંજ સુધીમાં ૭૪,૦૦૦થી વધુ લોકોને આશ્રયગૃહમાં ખસેડવામાં આવ્યા છે. તેમાંથી ૩૫,૦૦૦ જેટલા લોકોને તો કચ્છના જ આશ્રયગૃહમાં મોકલવામાં આવ્યા છે. સ્થળાંતર કરાયેલા લોકોને બસ એ જ ચિંતા છે કે, તેમની આજીવિકાને નુકસાન ના થાય. નલિયામાં બનાવાયેલા આશ્રયગૃહમાં સ્થળાંતરિત કરાયેલા સુલતાન મિયાએ કહ્યું, "અમને સૌને બસ એક જ વાતનો ભય છે કે મહામહેનતે ઊભી કરેલી અમારી મકાન અને બોટ જેવી સંપત્તિને આ વાવાઝોડામાં નુકસાન ના થાય. રાજ્યના રાહત કમિશનર આલોકકુમાર પાંડેએ માહિતી આપી કે, બુધવારે મોડી સાંજ સુધીમાં વધુ પાંચ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

# વડિયામાં વતનપ્રેમી સેવાભાવીઓ દ્વારા ૧ હજાર ફુડ પેકેટનું કરાશે વિતરણ









વડીયા શહેરમાં પટેલ સમાજ વાડી ખાતે ૧૦૦૦ ફુડ પેકેટ બનાવવાની કામગીરી શરૂ કરાઇ છે. આ કામગીરી એટલા માટે શરૂ કારાઈ હતી કે સંભવિત બિપરજોય વાવાજોડામાં ઝુંપડપટ્ટીમાં રહેતા કે કાચા મકાનોમાં રહેતા લોકોનું સ્થળાંતર સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે કરાયું છે અને જરૂરીયાતમંદ જેમાં લોકોને ખાવા–પીવા માટે કોઈ મુશ્કેલી ન પડે તેવા હેતુથી આ કામગીરી શરૂ કરાઇ છે. જો કે વડીયા શહેર જ નહીં આસપાસના ગામડાંઓ અને અમરેલી જિલ્લો નહીં રાજકોટ, જૂનાગઢ સહિતના જિલ્લાઓમાં કયાંય જરૂર પડશે તો પૂર્ણ તૈયારીઓ દાખવી રહયા છે. આ કામગીરીમાં વડીયા શહેરના જ જે વતન પ્રેમી લોકો દિલીપભાઈ ઉંધાડ, દિવ્યાંગભાઈ દોશી અને લોકો જ દાતા તરીકે સહયોગ આપી રહ્યા છે અને ગામની શ્રી ગોવર્ધન ગૌશાળા ગૃપ, મારૂતિ અન્નક્ષેત્ર, પ્રાણ ગુરૂ ગૌશાળા, વડિયા ગૌશાળા અને સેવાકીય સંસ્થાઓના સહયોગથી ગોવર્ધન ગૌશાળાના ટ્રસ્ટી અને ગામના સરપંચ મનીષભાઈ ઢોલરીયાની આગેવાનીમાં ગામના આગેવાનો અને નવયુવાનો દ્વારા પ્રથમ ૧૦૦૦ કીટ બનાવીને શરૂઆત કરી છે. જો વધુ જરૂરિયાત જણાએ પણ પૂર્ણ તૈયારી કરી રહ્યા છે. આ તકે સરપંચ મનિષભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે જુનાગઢ, રાજકોટ, અમરેલી સહિતના જીલ્લાઓમાં જયા જરૂર પડશે ત્યાં અમો ફુટ પેકેટ કીટનું વિતરણ વ્યવસ્થા કરશું અને ગરીબ કે અન્ય લોકો ભુખ્યા ના રહે તેની કાળજી લેવામાં આવશે. આ સાથે વડિયાની યુવા ટીમ પણ સક્રીય રહી લોકોની સેવામાં તત્પર રહેશે.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી



ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૩ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના આયોજન અંગેનો કાર્યક્રમ તારીખ ૧૨,૧૩ જુન ૨૦૨૩ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત પ્રાથમિક શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા તેમજ ધોરણ–૧ના બાળકોને મહાનુભાવોના હસ્તે, નગરસેવકો સંદીપભાઈ માંગરોળીયા, દીલાભાઈ વાળા, બીપીનભાઈ લીંબાણી, ચિરાગભાઈ ત્રિવેદી, સનીભાઈ ડાબસરા, રસિકભાઈ પાથર, અનિલભાઈ રાધનપરા, અમીનભાઈ હોત, અલકાબેન ગોંડલીયા, નીતાબેન ભડકણ, આચાર્ય સંઘના મહામંત્રી મુકુંદભાઈ મહેતા, હિરેનભાઈ બગડા, બીઆરસી કુલદીપ દેવમુરારી અને સીઆરસી હેતલબેન જોષીની ઉપસ્થિતિમાં પ્રવેશ અપાયો. આ તકે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીને ઈનામો આપી પ્રોત્સાહીત કર્યા. આરોગ્ય વિભાગના ડો. સિન્હા, તુષારભાઈ કથીરિયા અને આઈસીડી એસના શુકલા તેમજ ટીમ દ્વારા તમામ બાળકોની આરોગ્યની તપાસણી કરવામાં આવી, વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તમામ શાળામાં કરવામાં આવ્યું તેમજ એસએમસી કમિટી, દાતા, વાલીઓ ઉપસ્થિત રહયા. જેસીંગપરા કન્યાશાળામાં મુખ્ય ઉપદંડક કૌશિક વેકરીયા, આર્યભટ્ટ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં કલેકટર અજય દહિયા, જેસીંગપરા કુમાર અને ભારતનગર શાળામાં અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, માણેકપરામાં નગરપાલિકાના પ્રમુખ મનીષાબેન રામાણી અને ચંદુભાઈ રમાણી, બહારપરા કુમાર શાળામાં નગરપાલિકાના ઉપ પ્રમુખ રમાબેન મહેતા, બહારપરા કન્યા શાળામાં કારોબારી ચેરમેન સુરેશ શેખવા, રોકડીયાપરા, હનુમાનપરા શાળામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષાર જોશી, ભોજલપરા અને હનુમાનપરા શાળામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન દામજી ગોલ, પોલીસ લાઈન અને સુખનીવાસ શાળામાં શાસકપક્ષના નેતા બીનાબેન વણજારા, ચીફ ઓફિસર એચ.કે. પટેલ, શાસનાધિકારી આશિષ જોષીના હસ્તે આંગણવાડી, બાલવાટિકા અને શાળામાં ધોરણ–૧માં બાળકોને પ્રવેશ અપાયો. ગુજરાત સરકારના શિક્ષણ પ્રત્યેના સનિષ્ઠ પ્રયાસ અને અભિગમ સાથે શાળામાં નવો પ્રવેશ મેળવતા નાના નાના ભૂલકાઓને આવકારવાના આ કાર્યક્રમનું સુંદર આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન, વાઈસ ચેરમેન, સભ્યો, શાસનાધિકારી આશિષ જોષી, આચાર્યો દિનેશભાઈ વ્યાસ, અર્ચનાબેન પંડયા, મયુરસિંહ ગોહિલ, ભ્રમિતસિંહ ચૌહાણ, નીતિનભાઈ ચાવડા, મુકેશભાઈ નાકરાણી, વિમલભાઈ પરમાર, દિલીપભાઈ કાનપરિયા, હેમલતાબેન જાની, આશાબેન ચાવડા, અંજનાબેન ભીકડિયા, દક્ષાબેન ચૌહાણ, સેજલબેન ભટ્ટ, યાસ્મીનબેન ચૌહાણ તથા શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું તૌકતે વાવાઝોડા સમયે તૂટેલી દીવાલ

બનાવવામાં આવી હતી. પરંતુ તૌકતે વાવાઝોડા સમયે તેમાંનો કેટલોક હિસ્સો તૂટી ગયો હતો. પરંતુ તંત્ર દ્વારા બેદરકારી ભર્યું વલણ રાખી તેનું સમારકામ આજસુધી કરાવવામાં નથી આવ્યું. પરિણામે કાંઠા વિસ્તારથી આગળ સુધી દરિયાના મોજા પહોંચવા લાગ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તૌકતે વાવાઝોડાના બે–બે વર્ષ બાદ પણ પ્રોટેકશન વોલનું સમારકામ તંત્ર દ્વારા કરાવી શકાયું નથી. જેના પરિણામે આજે બિપોરજોય વાવાઝોડાની અસર જોવા મળતા દરિયાના પાણી ગામ તરફ ગતિ કરતા જોવા મળ્યા છે. હાલ આ વિસ્તારમાં પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત છે અને દરિયાકાંઠે કોઈ પણ વ્યકિતને નહીં જવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું બિપોરજોયના કારણે મોબાઈલ

બિપરજોયથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કોમ્યુનિકેશન ઠપ ન થઈ જાય એની ખાસ કાળજી લેવાઈ છે. આ વિસ્તારના સ્થાનિકો માટે ઈન્ટ્રા સર્કલ રોમિંગ વ્યવસ્થા શરૂ કરવા અનુમતિ આપી દીધી છે. રાજ્ય સરકારે આ અંગે જણાવ્યું કે લોકોને અસુવિધા ન થાય એના માટે ૧૭ જૂન સુધી આ પ્રમાણેની સુવિધા હાથ ધરાશે. સાત જિલ્લાના રહેવાસીઓ કોઈપણ મોબાઈલ નેટવર્કના સેલ ફોન ટાવર સાથે કનેક્ટ થઈ શકે છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર ટેલિકોમ વિભાગે ૧૪ જૂનના રોજ સવારે ૮ વાગ્યાથી ૧૧. ૧૭ જૂનના રોજ સાંજ સુધી ઈન્ટ્રા-સર્કલ રોમિંગનો આદેશ આપ્યો છે. આ સેવા કચ્છ, દ્વારકા, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ અને મોરબી જિલ્લામાં ઉપલબ્ધ રહેશે. ગ્રાહક વિકલ્પ તરીકે મેન્યુઅલ મોબાઈલ નેટવર્ક પસંદ કરીને તેમના ફોન પર સિમ સેટિંગ્સ બદલી શકે છે. ટેલિકોમ કંપનીઓ સીમલેસ કનેક્ટિવિટી પર ન્યૂનતમ અસર સુનિશ્ચિત કરવા માટે પણ કામ કરી રહી છે. **Vodafone Idea Limited**એ તમામ સ્થાનો પર તેની સાઈટ્સ પર પૂરતા પ્રમાણમાં ઈંધણનો પુરવઠો સુનિશ્ચિત કર્યો છે અને કટોકટીના સમયે ઉપયોગ માટે વ્યૂહાત્મક સ્થળોએ સ્ટોક કરી શકાય એવી વ્યવસ્થા કરાઈ છે. સ્પેર મોબાઈલ ડીઝલ જનરેટર અને અન્ય જટિલ સાધનોના ભાગો ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થતા નુકસાનના કિસ્સામાં ઝડપી પુનઃસ્થાપન માટે ગુજરાતના સાત જિલ્લાઓમાં મુખ્ય સ્થળોએ ગોઠવવામાં આવ્યા છે અને તૈયાર રાખવામાં આવ્યા છે. **VI**એ બુધવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે સેલ ઓન વ્હીલ્સની રચના પણ તૈયાર કરી છે. જો અસર થઈ શકે તેવા જટિલ સ્થળોને રિસ્ટોરેશન કરવાની જરૂર હોય છે. **Vi**એ દ્વારકા, કચ્છ અને જામનગર જિલ્લામાં કર્મચારીઓની સંખ્યા અને વાહનોની ફાળવણી કરી છે, જેથી કોઈ પણ કટોકટીની પરિસ્થિતિનું સંચાલન કરવામાં આવે. તેમજ અમદાવાદ, રાજકોટ, ગાંધીધામ અને જૂનાગઢમાં **VIL** અને વિક્રેતા કચેરીઓ ખાતે સ્થાપિત ફિઝિકલ વોર રૂમ દ્વારા **24X7** નેટવર્ક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અમે ઈન્ટ્રા સર્કલ રોમિંગના પરીક્ષણ માટે અન્ય **TSPs** સાથે સહયોગ કર્યો છે.

## પાના ૧ ઉપરનું ચાલું ૨ સિંહબાળને વનકર્મીએ બચાવ્યા

તમામ વિભાગોની ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. એવામાં ગીર સોમનાથના ઉના તાલુકામાં જસાધાર રેન્જમાં સિંહના બચ્ચાને બચાવવા માટે વન વિભાગે કાર્યવાહી કરી હતી.

મળતી વિગતો અનુસાર, બિપોરજોય વાવાઝોડાને પગલે વનવિભાગના કર્મચારીઓ પણ એલર્ટ થઈ કામગીરી કરી રહ્યા છે. એવામાં આજરોજ ભારે પવન અને વરસાદ વચ્ચે વનવિભાગને મેસેજ મળ્યા હતા કે ઉમેજ ગામના ખેડૂત જોધુભાઈ ઘેલુભાઈ સોલંકીની આંબાવાડીમાં સિંહના જૂથે પશુનું મારણ કરેલ છે. જેમાં સિંહ, ૩ સિંહણ અને ૪ સિંહના બચ્ચા છે. જેમાંનું ૨ સિંહના બચ્ચા વાડીમાં આવેલા કૂવામાં પડી ગયું છે. આ માહિતી મળતા જ વનવિભાગના કર્મચારીઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

ભારે વરસાદ અને પવન વચ્ચે ફોરેસ્ટ વિભાગે ઉમેજ ગામમાં સિંહ બાળને બચાવવા માટે રેસકયું ઓપરેશન હાથ ધર્યું હતું. ભારે જહેમત બાદ બંને સિંહબાળને સુરક્ષિત રીતે બહાર કાઢી લઈ ઉગારી લઈ જરૂરી સારવાર બાદ બંનેને મુકત કરી દેવામાં આવ્યા હતાં.

## પાના ૧ ઉપરનું ચાલું ''બિપરજોય'' વાવાઝોડાથી દરિયાકાંઠાનાં

ત્યારે લોકોને કામ વગર બહાર ન નીકળવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

અમરેલીમાં વાવાઝોડાની આફતને પગલે અમરેલી જીલ્લામાં વરસાદ વરસતા સાવરકુંડલા, તુલશીશામ, ઉના, ગીર સોમનાથ તરફ જવાનો સ્ટેટ હાઈવે બંધ થઈ જવા પામ્યો છે. જાફરાબાદ, રાજુલા, અમરેલી, સાવરકુંડલા, ધારી, ખાંભા પંથકમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જ્યારે ધારીનાં દેવળા, વીરપુર, ચલાલા, ભાડેર, જર ગામમાં પણ વરસાદી માહોલ સર્જાયો છે. સાવરકુંડલાના નાળ, રબારિકા. ઠવી, વીરડી, વંડા, ઘોબામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ધારીની નાગ નદીમાં પુર આવ્યું છે. નાગધ્રા નદી કાંઠે આવેલ મંદિરમાં પૂરના પાણી ધુસ્યા છે. જેનાથી અડધું મંદિર પાણીમાં ગરકાવ થઈ ગયું છે.

બિપોરજોય વાવાઝોડાની અસર બનાસકાંઠા જીલ્લામાં પણ જોવા મળી છે. ત્યારે સવારથી જ બનાસકાંઠા જીલ્લાનાં વાતાવરણમાં પલ્ટો આવતા ભારે પવન સાથે વરસાદ વરસવાનો શરૂ થયો હતો. બનાસકાંઠામાં મકાન ધરાશાયી થતા વૃદ્ધાને ઈજા પહોંચી હતી. તેમજ વાવનાં લોદ્રાણી ગામે ભારે પવનને કારણે પતરા ઉડ્યા હતા. બનાસકાંઠામાં વાવાઝોડાની અસરથી ભારે પવન ફૂંકાયો હતો.

આણંદનાં ખંભાતમાં પણ વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. ત્યારે ખંભાતનાં ધુવારણ દરિયાકાંઠે પવનનું જોર વધ્યું છે. તેમજ દરિયા કિનારાના પાણી કિનારા તરફ આગળ વધ્યા હતા. ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેને લઈને દરિયાકાંઠે પોલીસનો બંદોબસ્ત

### દરિયાકાંઠાઓ પર તંત્ર હાઈએલર્ટ પર

# બિપરજોયનું ૧૭૦૦થી વધુ ગામો, ૭૫ દરિયાકાંઠા, ૪૧ બંદરો પર જોખમ

### મોટાભાગના જિલ્લાઓમાં પવન સાથે વરસાદ, કચ્છમાં રસ્તાઓ સુમસામ, ઉ. ગુજરાત માટે આજનો દિવસ ભારે

અમદાવાદ, તા. ૧૫

ગુજરાત પર આવી રહેલી ઘાત બિપરજોય વાવાઝોડાના કારણે રાજ્યના તમામ દરિયાકાંઠાઓ પર તંત્ર હાઈએલર્ટ પર છે. રાહત અને બચાવ કાર્ય માટે એનડીઆરએફ, એસડીઆરએફ ઉપરાંત ભારતીય કોસ્ટ ગાર્ડની ટીમ પણ તૈનાત છે, તો વિવિધ જિલ્લાઓનું વહિવટી તંત્ર પણ ખડેપગે રહી તમામ પ્રકારના સાવચેતીના પગલા લઈ રહ્યા છે. વાવાઝોડાનું સૌથી વધુ અસર કચ્છ, દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, પાટણ, બનાસકાંઠા, જૂનાગઢ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જામનગરના દરિયામાં વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. વાવાઝોડાના કારણે દરિયામાં ભારે કરંટ જોવા મળ્યો છે, જેને ધ્યાને રાખી રોઝી બંદર પર ૧૦ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. જિલ્લાના રોઝી બંદરના દરિયામાં ભારે કરંટ ધ્યાને આવ્યા બાદ તુરંત ૧૦ નંબરનું સિગ્નલ જાહેર કરી દેવાયું છે.

વાવાઝોડું ટકરાય તે પહેલા ગીર સોમનાથના દરિયાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગીર સોમનાથનો દરિયો ગાંડોતુર બન્યો છે અને દરિયામાં આવેલો કરંટ છેક માછીમારોની બોટ સુધી જોવા મળ્યો છે. તો સુરક્ષિત સ્થાનો પર ગોઠવાયેલી બોટો સુધી દરિયાનું પાણી પહોંચી જતાં માછીમારો ચિંતિત થયા છે.

બિપરજોય વાવાઝોડાની અસર પોરબંદરમાં પણ જોવા મળી રહી છે. અહીંનો માધવપુર દરિયો ગાંડોતૂર બનતા વહિવટીતંત્ર સાવચેતીના પગલા ભરી રહી છે. દરમિયાન અહીં ૯૦થી ૧૦૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાતા લોકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. તો દરિયામાં ૨૦થી ૨૫ ફુટ ઊંચા મોજા ઉછળતા જોવા મળી રહ્યા છે. વાવાઝોડાને પગલે જૂનાગઢની સ્થિતિની વાત કરીએ તો અહીં ૮૦થી ૯૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. જ્યારે અહીંના માગરોળ દરિયામાં પણ વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. ભારે પવન વચ્ચે વરસાદી માહોલ છવાયો છે. માગરોળ દરિયાના વહેણ ઉછળી ઉછળીને બહાર આવી રહ્યા છે.

બિપરજોય વાવાઝોડાની અસર સાબરકાંઠા જિલ્લામાં પણ જોવા મળી રહી છે. અહીં સતત ભારે પવન ફુંકાઈ રહ્યો છે, આ ભારે પવન વચ્ચે વરસાદે માજા મુકી છે. ધનપુરા, રામપુરા, ગાંભોઈ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલો મલી રહ્યા છે, તો હિંમતનગરમાં ધોધમાર વરસાદે લોકોને દોડતા કરી દીધા છે. વાવાઝોડાના કારણે પવનની ગતિ વધતા વાહનચાલકો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

તો હાલ મળતા અહેવાલો મુજબ સૌરાષ્ટ્ર-કચ્છનો ગાડોતુર બન્યો છે... તેમજ ભારે પવન ફુંકાવાના કારણે લોકોએ બહાર નિકળવાનું પણ ટાળી દીધું હોય તેમ અહીંના રોડ-રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. કચ્છમાં પવનની ગતિ પ્રતિ કલાકે ૧૧૫-૧૨૫ કિલોમીટરે ફુંકાવાની સંભાવના છે, ત્યારે આજે બપોર બાદ નવલખી અને કંડલા દરિયાકાંઠે ૨થી ૩ માળ ઊંચા મોજાં ઊછળી રહ્યા છે. દરમિયાન વાવાઝોડાના ખતરાને ધ્યાને રાખી **NDRF**ની કચ્છમાં ૬ ટીમો જ્યારે **SDRF**ની ૨ ટીમો તૈનાત કરાઈ છે. આજે સૌરાષ્ટ્રના-કચ્છમાં જામનગર, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, મોરબી અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે, જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર-હવેલીમાં ભારે વરસાદ પડવાની પણ આગાહી કરાઈ છે.

બિપોરજોય વાવાઝોડાના કારણે આવતીકાલ ૧૬મી જૂને ઉત્તર ગુજરાત માટે ભારે દિવસ રહેવાની આગાહી છે.

આવતીકાલે બનાસકાંઠા, પાટણ, કચ્છ ઉપરાંત મહેસાણા, સાબરકાંઠા સહિત મોરબીમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરાઈ છે. તો અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ તથા સૌરાષ્ટ્રમાં જામનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, ગીર-સોમનાથ તેમજ દીવમાં ભારે વરસાદની આગાહી છે.

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા ૩૫ સગર્ભા માતાને સલામત સ્થળે ખસેડાઈ







રાજયના દરિયાકાંઠા વિસ્તારો પર તોળાતા બિપરજોય વાવાઝોડા નામની આફત સામે આગોતરી તૈયારીના ભાગરૂપે રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા અવિરત પ્રાથમિક આરોગ્ય સેવાઓ જળવાઈ રહે તે માટે રાત્રીના સમયે પણ પ્રા.આ. કેન્દ્રો કાર્યરત કરી લોકોને સેવાઓ અપાઈ રહી છે. જયારે દરિયાઈ પટ્ટી વિસ્તારની સગર્ભા માતાઓને સલામત સ્થળે ખસેડાઈ છે. દરિયાઈ પટ્ટી વિસ્તારોના ચાંચ, ખેરા, પટવા અને સમઢીયાળા સહિતના ગામડાઓમા નજીકની ઈ.ડી.ડી. (સંભવિત સુવાવડવાળી) વાળી કુલ ૪૪ સગર્ભા માતાઓ જોવા મળેલ. જેમનો છેલ્લા ચાર દિવસથી આરોગ્ય વિભાગ દ્વારા સંપર્ક કરી તેમાંથી ૨૦ સગર્ભા માતાને સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવાઈ છે. જયારે ૧૫ સગર્ભા માતાઓનું સરકારી હોસ્પિટલ રાજુલા અને મહુવા ખાતે સફળતાપૂર્વક સ્થળાંતર કરવામાં આવેલ છે. આ કામગીરીમા જરૂર પડે ત્યા વહીવટી તંત્રની પણ મદદ લઈ કામગીરી કરવામાં આવેલ છે. સગર્ભા માતાઓના સ્થળાંતર માટે ૧૦૮, પી.એચ.સી.ની એમ્બ્યુલન્સ તેમજ ખિલ-ખિલાટ વાહન એમ તમામની મદદ લઈ વાવાઝોડાની પરિસ્થિતિમાં પણ સગર્ભા માતાને અસરકારક સારવાર મળી રહે તે રીતનું આગોતરૂ આયોજન કરવામાં આવેલ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કક્ષાએ પણ ૨૪ કલાક સેવાઓ મળી રહે તે માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, ડો. નિકુંજ દવે, ભનુભાઈ લાડુમોર, અશોકભાઈ વેગડ, અનિતાબેન સરવૈયા અને આશાબહેનો સહિતના તમામ આરોગ્ય સ્ટાફ દ્વારા ખડેપગે હાજર રહી સંભવિત વાવાઝોડા સંદર્ભે આરોગ્ય વિષયક કામગીરી કરાઈ રહી છે.

### PGVCL અને વન વિભાગની ટીમો ૨૪ કલાક ખડેપગે

## ગુજરાત સરકારે ૭ પોઈન્ટમાં તૈયાર કોમ્યુનિકેશન પ્લાન કર્યો

**સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓના કુલ ૩૭૫૧ ગામડાઓમાં ૫૯૭ ટીમો તૈનાત કરવામાં આવી છે, જ્યારે GETCO દ્વારા કુલ ૭૧૪ સબસ્ટેશનોમાં ૫૧ ટીમો તહેનાત કરવામાં આવી છે**

અમદાવાદ, તા.૧૫

સમગ્ર ગુજરાતના લાખો લોકોના શ્વાસ અધ્ધર કરી નાખનારું અતિવિનાશક બિપોરજોય વાવાઝોડું આજે કચ્છના જખૌ બંદર ખાતે ત્રાટકશે તે બાબત નિશ્ચિત બની છે. આ વાવાઝોડું કચ્છની ધરતી પર ભારે વિનાશ સર્જવા માટે ધીમી ગતિએ સતત આગળ વધી રહ્યું છે.

વાવાઝોડાની અસરને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગ સાથે મળીને તૈયારી કરવામાં આવી છે.

ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીઓને દરિયાકાંઠા જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે.

આ સાથે જ, સંભવિત વાવાઝોડાંની અસર હેઠળ આવે તેવા ગુજરાતના ૮ જિલ્લાઓમાંથી ૯૪ હજારથી વધુ લોકોનું સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું છે.

આ ૮ જિલ્લાઓમાં તાત્કાલિક ધોરણે ૧૫૨૧ શેલ્ટર હોમ્સ ઊભા કરવામાં આવ્યા છે. મેડિકલ ટીમો દ્વારા આ શેલ્ટર હોમ્સની નિયમિત વિઝિટ કરવામાં આવી રહી છે, અને ત્યાં સ્થળાંતરિત કરાયેલા લોકોની યોગ્ય આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે.

ઊર્જા વિભાગનો કંટ્રોલ રૂમ પ્રવૃત્ત કરવામાં આવ્યો છે. ઊર્જા વિભાગ હેઠળ, PGVCL દ્વારા સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓના કુલ ૩૭૫૧ ગામડાઓમાં ૫૯૭ ટીમો તૈનાત કરવામાં આવી છે, જ્યારે GETCO દ્વારા કુલ ૭૧૪ સબસ્ટેશનોમાં ૫૧ ટીમો તહેનાત કરવામાં આવી છે.

PGVCL દ્વારા સંભવિત અસરગ્રસ્ત જિલ્લાની આસપાસના જિલ્લાઓમાં કુલ ૮૮૯ ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી છે, જ્યારે GETCO દ્વારા આસપાસના જિલ્લાઓમાં કુલ ૮૧ ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

આ ઉપરાંત, આ ૮ જિલ્લાઓમાં જીસીબી, ડમ્પર, ટ્રેક્ટર, લોડર વગેરે જેવી સાધન-સામગ્રી સાથે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૩૨ ટીમો તૈનાત કરવામાં આવી છે.

અસરગ્રસ્ત ૮ જિલ્લાઓમાં કુલ ૪૦૦ વૃક્ષો ઉખડીને પડી ગયા હતા, આ તમામ વૃક્ષો વન વિભાગ દ્વારા રસ્તાઓ પરથી હટાવી લેવામાં આવ્યા છે, જેથી જનતાને કોઈ મુશ્કેલી ન પડે.

આ ઉપરાંત, ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા ખંભાતના અખાત પાસે આવેલા બંદર પર ૨૧ જહાજો અને એક્રેજ ખાતે ૧૭ જહાજોની વ્યવસ્થા કરવામાં આવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### કચ્છથી માંડવી તરફ વાવાઝોડુ આગળ વધી રહ્યું છે

## સીએમ ભૂપેન્દ્ર પટેલ ઈમરજન્સી કંટ્રોલ સેન્ટર પહોંચ્યા

**કચ્છ જિલ્લામાં સૌથી વધુ નુકસાન થવાનો અંદાજ લગાવાઇ રહ્યો છે, ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્રએ તમામ તૈયારીઓ કરી લીધી છે**

અમદાવાદ, તા.૧૫

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઈમરજન્સી કંટ્રોલ સેન્ટર પહોંચ્યા છે. તેઓ અધિકારીઓ પાસે વાવાઝોડા અંગેની માહિતી મેળવી રહ્યા છે અને જરુરી માર્ગદર્શન આપી રહ્યા છે. Cyclone Biporjoy ગુજરાતના દરિયાકાંઠે ટકરાયું છે. તેમજ લેન્ડ ફોલની પ્રક્રિયા શરૂ થઈ છે.

કચ્છથી માંડવી તરફ વાવાઝોડુ આગળ વધી રહ્યું છે. આ અંગે આઈએમડીના ડીજી મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું છે કે, Cyclone Biparjoy જખૌથી ૭૦ કિમી દૂર છે. જે ધીમે ધીમે પૂર્વ દિશામાં આગળ વધી રહ્યું છે.જેના લીધે ભારે વરસાદ ચાલુ છે અને લેન્ડફોલ પ્રક્રિયા શરૂ થઈ છે. સમુદ્ર તટ પર ૧૧૫થી ૧૨૫ની સ્પીડ સાથે બિપરજોય ટકરાશે.

ચક્રવાતની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાકથી વધુ વધી રહી છે.દરિયાકાંઠે પવનની ઝડપ ૬૦-૮૦ કિમી પ્રતિ કલાક છે. જ્યારે તે ૧૧૫-૧૨૫ની ઝડપે દરિયાકાંઠાને પાર કરશે. તેમજ ક્યાંક ચક્રવાતની ઝડપ ૧૪૦ સુધી જશે આ સમગ્ર પ્રક્રિયા મધરાત સુધી ચાલશે

વાવાઝોડાએ ગુજરાત માટે ચિંતા વધારી દીધી છે. આ બધા વચ્ચે આ વખતે વાવાઝોડું બે વાર અથડાવાનું છે. આજે ચક્રવાત 'બિપરજોય' ગુજરાતમાં ત્રાટકશે. વાવાઝોડું ઉત્તર દિશામાં આગળ વધી રહ્યું છે.

વાવાઝોડાના સંભવિત ખતરાને લઈને રાજ્ય સરકાર એલર્ટ છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ નુકસાન થવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્રએ તમામ તૈયારીઓ કરી લીધી છે. કચ્છમાં NDRF ની ૬ ટીમ તથા ૧૦૦ જેટલા જવાનો કાર્યરત છે. લાઈવ જેકેટ,બોટ તથા આધુનિક સાધનો સાથે આ ટીમ સજ્જ છે.

અત્યાર સુધી ૪૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. NDRF અને SDRF સાથે ૪ ફાયર વિભાગની ટીમ તહેનાત છે. જે નલિયા, નારાયણસરોવર, માંડવી અને ભુજમાં રહેશે. NDRFની ટીમ વાવાઝોડા બાદ રાહત બચાવની કામગીરી કરશે.

ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર પર ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાન બિપરજોય ગુજરાત તરફ તીવ્ર ગતિથી આગળ વધી રહ્યું છે. બિપરજોય વાવાઝોડાને પગલે ધાર્મિક સ્થળો પર સતર્કતા વર્તવામાં આવી રહી છે. કોઈપણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે દ્વારકા, સોમનાથ, પાવાગઢ અને ચોટીલા મંદિર બંધ રાખવામાં આવ્યા છે. દ્વારકા અને સોમનાથ મંદિર આજે દર્શનાર્થીઓ માટે બંધ છે.

જ્યારે પાવાગઢ મંદિર આજે અને આવતીકાલે દર્શનાર્થીઓ માટે બંધ છે. તો આ તરફ ચોટીલા મંદિર ટ્રસ્ટે આગામી બે દિવસ દર્શનાર્થે ન આવવા અપીલ કરી છે.

### બિપોરજોય વાવાઝોડાને પગલે કોસ્ટગાર્ડ પણ એલર્ટ

## કોસ્ટગાર્ડ દ્વારા ૧૫ શિપ અને ૪ ડોર્નિયર અને 3 હેલિકોપ્ટર સ્ટેન્ડ બાય રખાયા

અમદાવાદ, તા.૧૫

બિપોરજોય વાવાઝોડાની અસરોને પહોંચી વળવા માટે ગુજરાતના વહીવટી તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. કોસ્ટ ગાર્ડ દ્વારા પણ બિપોરજોય વાવાઝોડાને લઈને સતત સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. સંભવિત વાવાઝોડાને લઈને વહીવટી તંત્રની સાથે આર્મી, કોસ્ટગાર્ડ, દ્ગઘઇહ્લ અને SDRF ટીમો પણ તૈનાત કરાઈ છે.

આ અંગે ઈન્ડિયન કોસ્ટગાર્ડનાં કમાંડર એ.કે.હરબોલાએ જણાવ્યું હતું કે, બિપોરજોય એક્સ્ટ્રિમલી સિવીયર ચક્રવાત આવી રહ્યું છે. ૬ જૂનથી કોસ્ટગાર્ડ દ્વારા બિપોરજોય વાવાઝોડા પર નજર રાખવામાં આવી રહી છે. તેમજ દરિયામાં સર્ચ અને રેસ્ક્યું કરવામાં આવી રહ્યું છે. કોસ્ટગાર્ડ દ્વારા એરક્રાફ્ટ શિપ અને હિલિકોપ્ટર દ્વારા સર્વેલન્સ કર્યું છે. દરિયામાં રહેલ માછીમારો, મિકેનાઈઝ બેટને વોર્નિંગ આપી હતી. જે અંગે મર્ચન્ટ શિપને જાણ કરવામાં આવી હતી. જે બાદ ૩૯ શિપ ડેઝકોસ્ટ ગાર્ડ દ્વારા કરવામાં આવ્યા હતા. ભારે ચક્રવાતનાં કારણે ગઈકાલે કોસ્ટગાર્ડની શિપ પરત આવી હતી.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૮ સ્ટેશન છે. ૨ ડોર્નિયર દ્વારા સર્વેલન્સ થાય છે. જે પરત બોલાવી લેવાયા છે. તેમજ દક્ષિણ ગુજરાતમાં એર સર્વેલન્સ દરમ્યાન શિપ જોવા મળ્યા હતા. જે તમામ શીપને પરત બોલાવી લેવામાં આવ્યા છે. ૬ જૂન બાદ ૧૪ ડોર્નિયર સોર્ટીઝ કરવામાં આવી અને ૨ એએલએચ સોર્ટિઝ કરવામાં આવી હતી.

ઓઈલ હેંડલિંગનાં લોકો સાથે પણ ચર્ચા કરવામાં આવી છે. ૧૨ જૂનનાં રોજ કિ સિંગાપોર ઓઈલ રીંગ પરથી ૫૦ લોકોને રેસ્ક્યું કરવામાં આવ્યા હતા. વિપરીત અસરમાં ૫૦ લોકોને ત્રણ સોર્ટિઝ દ્વારા રેસ્ક્યું કરવામાં આવ્યા હતા. આ લોકોનું રેસ્ક્યું કમાંડર સુનિલ દત્ત અને કમાંડર સૌરવે હેલિકોપ્ટર મારફતે રેસ્ક્યું ક્યા હતા.

### ૨૧,૫૯૫ હોડીઓ જનતાની મદદ માટે તૈયાર

## ૧૯ NDRF, ૧૨ SDRF અને ૧ SDRF ટુકડી રિઝર્વ રખાઈ

કચ્છ, તા.૧૫

કચ્છના ભૂકંપથી માંડીને રાજ્યના દરિયાકિનારે ત્રાટકતાં વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓ સમયે સર્જાતી ભીષણ પરિસ્થિતિઓમાં ગુજરાતે હંમેશાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અત્યારે બિપરજોય વાવાઝોડું ગુજરાતના દરિયાકિનારાના વિસ્તારોમાં ટકરાવાની ઘડીઓ ગણાઈ રહી છે,

ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વાવાઝોડા સામે પહોંચી વળવા અને જનતાને સુરક્ષિત રાખવા માટેની તમામ પૂર્વ તૈયારીઓ કરી લીધી છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા વિવિધ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ગુજરાતના દરિયાકાંઠાના ૯ જિલ્લાઓ એટલે કે કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, પોરબંદર, ગિર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ અને વલસાડ તેમજ ૧ કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં મળીને કુલ ૧૯ NDRF ટીમો તૈનાત કરવામાં આવી છે. આ સાથે જ દરિયાકાંઠાના ૧૦ જિલ્લાઓ (કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, પોરબંદર, ગિર સોમનાથ, જૂનાગઢ, પાટણ, બનાસકાંઠા, સુરત)માં ૧૨ SDRF ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે અને ૧ SDRF ટુકડીને રિઝર્વ રાખવામાં આવી છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં દવાઓ અને લોજિસ્ટિક્સનો પર્યાપ્ત જથ્થો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

અસરગ્રસ્ત જિલ્લાઓની હોસ્પિટલોમાં ૧૦૦% ડીઝલ જનરેટર્સની વ્યવસ્થા કરવામાં આવી છે. વાવાઝોડાંથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પૂરતી તબીબી મદદ મળી રહે તે માટે કુલ ૨૦૨ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ અને ૨૬૪ સરકારી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં વસતી સગર્ભા મહિલાઓ તેમજ તેમની અંદાજિત ડિલિવરીની તારીખોનું લિસ્ટ બનાવવામાં આવ્યું છે, જેથી તેમને સમયસર યોગ્ય સારવાર આપી શકાય. આ જિલ્લાઓમાં કુલ ૧૯૭ DG સેટ ફાળવવામાં આવ્યા છે.

# સાવરકુંડલાનાં નાયબ પોલીસ અધિકારી હરેશ વોરાનાં જન્મદિનની પ્રેરણાદાયી ઉજવણી







સાવરકુંડલાના વિભાગીય પોલીસ વડા હરેશ વોરાએ તેમના જન્મદિવસની અનેરી અને પ્રેરણાદાયક ઉજવણી કરી હતી. સામાન્ય રીતે હર કોઈ વ્યકિત પોતાના જન્મદિનની ઉજવણી પોતાના કુટુંબીજનો અને મિત્ર વર્તુળો સાથે કરતા હોય છે . વ્યકિત સુખી સંપન્ન હોય તો સારી એવી હોટલમાં કે રિસોર્ટમાં જન્મદિનની ઉજવણી કરતા હોય છે ત્યારે સાવરકુંડલા સબ ડિવિઝનના પોલીસ અધિકારી હરેશ વોરાએ પોતાના જન્મદિવસની પ્રેરણા રીતે ઉજવણી કરી સમાજને નવો રાહ ચિંધ્યો છે. તેઓનો પરિવાર વડોદરા ખાતે રહે છે જયારે હાલની વાવાઝોડાની પરિસ્થિતિને લઈ રાજુલા, જાફરાબાદ ,પીપાવાવની દરિયાઈ પટ્ટી ઉપર ખાસ ફરજ બજાવી રહ્યા છે ત્યારે ફરજ દરમિયાન પીપાવાવ પાસેના ચાંચ ગામે જતા ત્યાં શિયાળબેટ ગામના ૨૫૦ જેટલા બાળકો આશ્રમશાળામાં અભ્યાસ કરે છે તે બાળકો વાવાઝોડાની પરિસ્થિતિને કારણે ફેરી બોટ સર્વિસ બંધ હોય પોતાના ગામ શિયાળબેટ જઈ શકતા ન હતા અને ચાંચ ગામની આશ્રમશાળા ખાતે જ રોકાયેલ હતા ત્યાર ના.પો. વોરાએ આશ્રમશાળામાં જઈ સાધારણ અને અશિક્ષિત પરિવારના બાળકો સાથે પોતાના જન્મદિનની ઉજવણી કરી હતી. અહીં બાળકોને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવા પ્રેરિત કર્યા હતા અને વ્યસનથી જીવનભર દૂર રહેવાની સલાહ આપી હતી. અહીં તમામ બાળકોને બિસ્કીટનો નાસ્તો કરાવી પ્રેરણાદયી રીતે પોતાના જન્મદિનની ઉજવણી કરી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીએ નાના બાળકો સાથે પોતાના જન્મદિન ની ઉજવણી કરતા નાના બાળકોમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. ફરજનિષ્ઠ અધિકારી ના આવા ઉમદાકાર્યને જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ, જાફરાબાદ પી.આઈ. દેસાઈ, પીપાવાવ પી.એસ.આઈ. છોવાળા અને ગ્રામજનોએ આવકારી ના.પો. વોરાને અભિનંદન આપ્યા હતા.

### સામસામે બન્ને વ્યકિતએ અંતિમવાટ પકડી

# ધારીનાં દલખાણીયા ખાતે ઉછીના નાણા બાબતે ર વ્યકિતની લોથ ઢળી

## નાના એવા ગામમાં હત્યાની ઘટનાથી ચકચાર

અમરેલી, તા. ૧૫

ધારી તાલુકાના દલખાણીયા ગામે ગઈકાલે સવારે ઉછીના પૈસા આપવાની ના પાડવા જેવી સામાન્ય બાબતમાં ગામના બસ સ્ટેન્ડ પાસે સશસ્ત્ર મારામારી થતાં આ બનાવમાં બે લોકોના મોત થયા હતા.

આ બનાવમાં ધારી તાલુકાનાં દલખાણીયા ગામે રહેતા કેવલ ધીરૂભાઈ દેલવાડીયા નામનાં ૧૯ વર્ષિય યુવકનાં કૌટુંબિક કાકા વિનુભાઈ સવજીભાઈ ખાખડીયા ગઈકાલે સવારે ૯ વાગ્યાનાં સમયે પોતાના ઘરે કાગળ બાંધતા હોય ત્યારે કાગળ બાંધવાની દોરી ખૂટી જતાં તે દોરી લેવા માટે ગામમાં ગયેલ હતા ત્યારે તેઓને દલખાણીયા બસ સ્ટેન્ડ પાસે તે જ ગામે રહેતા આરોપી કમલેશ નાનજીભાઈ દાફડા મળી જતાં આરોપીએ તેમની પાસે ઉછીનાં પૈસા માગતા સવજીભાઈએ પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા કમલેશ નાનજીભાઈ દાફડાએ પોતાના હાથમાં રહેલ કુહાડી વડે ખંભાના તથા માથાનાં ભાગે જીવલેણ ઘા કરી વિનુભાઈ સવજીભાઈ ખાખડીયાને ગંભીર રીતે ઘાયલ કરી દેતા તેમને પ્રથમ દલખાણીયા દવાખાને ખસેડવામાં આવેલ જયાંથી વધુ સારવાર માટે ધારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા જયાં તેમને ફરજ પરનાં તબીબે વિનુભાઈને મૃત જાહેર કર્યા હતા.

દરમ્યાન વિનુભાઈ સવજીભાઈ ખાખડીયાનાં કૌટુંબિક ભત્રીજા કેવલભાઈ પોતાના કાકાનો મોબાઈલ ફોન ઘટના સ્થળે લેવા ગયેલ ત્યારે આરોપી કમલેશે તેમના ઉપર પણ કુહાડી વડે ઘા મારી ઈજા કર્યાની ફરિયાદ ધારી પોલીસમાં નોંધાઈ છે.

આ જ બનાવમાં સામાપક્ષે મૃતક કમલેશ નાનજીભાઈ દાફડાને પણ સામાવાળા વિનુભાઈ સવજીભાઈ ખાખડીયાએ કમલેશ નાનજીભાઈ દાફડાને પથ્થર મારી દઈ ગંભીર ઈજાઓ કરી દેતા તેમને રાજકોટ ખાતે સારવારમાં ખસેડાયેલ હતા. જયાં તેમનું પણ મોત નિપજતા ધારી પોલીસે સામસામે હત્યાનો ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે ખોબા જેવડા દલખાણીયા ગામમાં હત્યાનાં બે બનાવને લઈ ભારે ચકચાર મચી જવા પામી છે.

### નિવૃત્ત એસ.ટી. કંડકટરની હત્યા થઈ'તી

# બાબરાનાં ચરખાની સીમમાં એકાદ વર્ષ પહેલા થયેલ હત્યાનો ભેદ ઉકેલાયો : આરોપીની અટકાયત

## સ્થાનિક પોલીસ અને એલસીબીએ મુકેશ ચારોલા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી



અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાના ચરખા ગામે રહેતાં ભીખુભાઈ ગોવિંદભાઈ છૈયા ગત તા. ૨૬/૫/૨૨ ના રોજ રાત્રીના પોતાના ઘરેથી અમદાવાદ જવાનુ કહીને નિકળેલ હતા અને રાત્રીના આશરે અગીયારેક વાગ્યાના અરસામાં તેમને ચરખા ગામે મુરલીધર હોટલ પાસે ફાચરા વાડીએ જવાના કાચા રસ્તે કોઈ અજાણ્યા ઈસમે તેમને માથાના ભાગે બોથડ પદાર્થના ઘા મારી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી ખીસ્સામાંથી મોબાઈલ ફોન તથા રોકડ મળી કુલ રૂા. ૫૦૦૦/–ના મુદ્દામાલની લુંટ કરી નાસી જતાં બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. તેમજ સર્વેલન્સ ટીમ દ્વારા તેમજ અમરેલી એલ.સી.બી શાખાની અલગ અલગ ટીમો બનાવી સદરહુ ગુન્હાના આરોપીને ઝડપી પાડવા સારૂ ચરખા ગામ તથા બાબરા અને અમરેલી વિસ્તારમાં સઘન તપાસ કરવામાં આવેલ તેમજ ટેકનીકલ સેલની મદદ લઈ આ કામના આરોપી હકીકત મેળવવા સઘળા પ્રયત્નો ચાલુ રાખવામાં આવેલ. બાદ બગસરા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુન્હાના કામે અટક કરેલ આરોપી મુકેશભાઈ ઉર્ફે મુકો ભુપતભાઈ ચારોલા રહે. ગોપાલગ્રામવાળાને અટક કરવામાં આવેલ હોવાની માહિતી મળતા બન્ને ગુન્હા ની મોડેસ ઓપરેટીવ સરખી હોય. જેથી આરોપીનુ ઈન્ટ્રોગેશન કરી સઘન પુછપરછ કરવામાં આવેલ અને આરોપીએ તેની પુછપરછ દરમ્યાન એકાદ વર્ષ પહેલા આ કામના મરણ જનાર ભીખુભાઈ ગોવિંદભાઈ છૈયા રહે. ચરખાની હત્યા કરેલ હોવાની કબુલાત કરેલ હોય. આરોપી મુકેશભાઈ ઉર્ફે મુકો ભુપતભાઈ ચારોલા રહે. ગોપાલગ્રામને સદરહુ ગુન્હાના કામે ધોરણસર અટક કરેલ છે.

### બાબરાનાં નાની કુંડળ ગામનાં ખેડૂતે

# રૂા. ૫ લાખ સામે રૂા. ૧૦.૨૫ લાખ તથા ૫ વિઘા જમીન આપી છતાં મુદ્દલ રકમની પઠાણી ઉઘરાણી

## વ્યાજખોરે ધાક–ધમકી આપતા પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાનાં નાની કુંડળ ગામે રહેતા અને ખેતીકામ કરતા મુકેશભાઈ લીંબાભાઈ ભાલીયા નામનાં ૪૦ વર્ષિય ખેડૂતનાં પિતાને ચારેક વર્ષ પહેલા પેરાલીસીસનો આંચકો આવી જતા ખાનગી દવાખાને ખસેડાયા હતા. ત્યારે ગત તા. ૫/૪/૧૯નાં રોજ તે જ ગામે રહેતા રાણાભાઈ નથુભાઈ બાખલકીયા નામના ઈસમ પાસેથી રૂા. ૫ લાખ ૫ ટકાનાં વ્યાજે લીધા હતા.

ત્યારબાદ કટકે કટકે કુલ રકમ રૂા. ૧૦,૨૫,૦૦૦ ચુકવી આપ્યા હતા તથા ગત તા. ૨૮/૩/૨૨ નાં ૫ વિઘા જમીનનો દસ્તાવેજ કરી આપેલ. છતાં આરોપી રાણાભાઈએ મુદલ રકમ રૂા. ૫ લાખની પઠાણી ઉઘરાણી કરી ધાક–ધમકી આપતા હોય. આ અંગે ખેડૂતે આ રાણાભાઈ નથુભાઈ બાખલકીયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલ

# અમરેલીની બીએસએનએલ કચેરીમાં વ્હેલી સવારે આગથી અફડાતફડી મચી

## ફાયર વિભાગે ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૧૫

આજે વહેલી સવારે લગભગ સાડા ત્રણેક વાગ્યાની આસપાસ અમરેલી શહેરની મધ્યમાં આવેલ બીએસએનએલ કચેરીમાં અચાનક કોઈ કારણોસર આગ લાગવાની ઘટના બનેતા આ અંગેની ટેલીફોનિક જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમમાં કરમાં આવતાં ફાયર ઓફિસર એચ.સી. ગઢવી તથા ફાયર ટીમના જવાનો તાત્કાલિક ઘટના પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

બીએસએનએલના બિલ્ડીંગ વેન્ટિલેશનનો અભાવ હોય ફાયરના જવાનો અંદર જઈ શકે થઈ શકે તેમ ન હોય તેથી તાત્કાલિક ધોરણે પ્રથમ આ બિલ્ડિંગના વેન્ટિલેશન ખોલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને બાદમાં ફાયર જવાનો અંદર પ્રવેશ કરી તાત્કાલિક ધોરણે આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.

બીએસએનએલના બિલ્ડીંગમાં આગને કારણે કેટલું નુકસાન થવા પામેલ છે ? તે અંગેની સતાવાર જાણકારી મળી નથી.

# રાજુલા : ખેતાગાળા વિસ્તારમાં જુગાર રમતાં ૩ ઈસમો ઝડપાયા



અમરેલી, તા. ૧૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ ગત કાલ તા.૧૪ ના રોજ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હકિકત આધારે રાજુલા, ખેતાગાળા વિસ્તારમાં મસ્જીદની પાછળ જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રમેશ નાગજીભાઈ ચૌહાણ, કરણ વિનુભાઈ સોલંકી તથા અશરફ મહેબુબભાઈ કનોજીયા, રહે. રાજુલા વાળા ત્રણ ઈસમોને જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૧,૧૪૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૨૩,૦૦૦ મળી કુલ કિં. રૂા. ૩૪,૧૪૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ ઈસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### રાજુલા ગામે આવેલ

# છતડીયા રોડ ઉપરથી તાજું જન્મેલ મૃત બાળક મળી આવતાં પોલીસ દોડી

## કોઈ અજાણી મહિલા સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૧૫

રાજુલા ગામે આવેલ છતડીયા રોડ ઉપર સૂર્યા બંગલા પાસે રોડની સાઈડમાં આવેલ ખાળીયામાં ભ્રુણ બાળક પડેલ હોય. જે અંગે રાજુલા પોલીસને જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. કોઈ અજાણી મહિલાએ જન્મ પહેલા અથવા તો જન્મ સમયે મૃત્યુ પામેલ પોતાના બાળકનો જન્મ છુપાવવા માટે થઈ આ મૃત બાળકને ત્યજી દેતાં આ બનાવમાં અજાણી મહિલા સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નેવીના એરક્રાફ્ટ ગોવામાં સ્ટેન્ડબાય કરાયા

# ગુજરાતમાં વાવાઝોડાને લઈને ભારતી નેવી સુસજ્જ બની

## નેવી મદદ માટે તૈયાર છે, રાહત સામગ્રીનો સ્ટોક પણ તૈયાર રાખવામા આવ્યો

અમદાવાદ, તા.૧૫

વાવાઝોડાને લઈને ભારતીય નેવી પણ સજ્જ બની છે. નેવીના P8i, હંસા અને ડોર્નિયર એરક્રાફટ ગોવામાં સ્ટેન્ડબાય પર છે. રાહત સામગ્રી અને નિરીક્ષણ માટે એરક્રાફટ સ્ટેન્ડબાય મોડ પર છે. ત્વરિત મદદ માટે રાહત સામગ્રીનો સ્ટોક પણ તૈયાર કરાયો છે. રાજ્ય સરકાર સાથે ભારતીય નેવી સતત સંપર્કમાં છે. વાવાઝોડું કચ્છ તરફ આવી રહ્યું છે તે દરમ્યાન લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

કચ્છના માંડવીના દરિયાએ હાલ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. દરિયાના મોજામાં હાઈ ટાઈડ જોવા મળી રહ્યું છે. ભારે તોફાન સાથે પવન ફૂકાય રહ્યું છે. માંડવીના આસપાસના વિસ્તારોના ગામમાં આવશ્યક વસ્તુઓ સિવાયની તમામ દુકાનો બંધ રહી હતી. જો કે ગ્રામજનોએ દુકાનો બંધ રાખી વહીવટી તંત્રને સાથ અને સહકાર આપ્યો હતો.બીજી તરફ કચ્છના જખૌ બંદરે બિપોરજોય વાવાઝોડું ટકરાય તેવી શકયતા છે. જેને લઈને કચ્છના નવ ગામો સતર્કતાના પગલે સજજડ બંધ જોવા મળ્યા હતા. નખત્રાણા અને નલિયામાં દુકાનો સજ્જડ બંધ રહેતા લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ છે. જો કે ગ્રામજનોએ દુકાનો બંધ રાખી વહીવટી તંત્રને સાથ અને સહકાર આપ્યો હતો.


**શ્રી બગસરા નાગરિક સહકારી બેંક લી.**

હેડ ઓફિસ : "કામધેનુ" બિલ્ડીંગ, ભાયાણી રોડ, બગસરા. ફોન : (૦૨૭૯૬) ૨૨૨૬૯૩, ૨૨૨૧૯૩

શ્રી બગસરા નાગરિક બેંક લી, બગસરા તથા ધારીના તમામ લોકર ધારક ભાઈઓ તથા બહેનોને જાણ કરવામાં આવે છે કે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વર્તમાન ગોઈડલાઈન્સ તથા સુચના મુજબ લોકર ધારકો પાસેથી નવા લોકરના કરાર કરવાના હોય, જે અન્વયે તમામ લોકર ધારકોએ વહેલી તકે તે માટે જરૂરી પાનકાર્ડની ઝેરોક્ષ, આધારકાર્ડની ઝેરોક્ષ, ચુંટણીકાર્ડની ઝેરોક્ષ, પાસપોર્ટ ફોટા વગેરે સાથે રાખી બેંકમાં રૂબરૂ આવી નવા લોકરના કરાર કરવાના રહેશે. જેની તમામ લોકર ધારકોએ નોંધ લેવા વિનંતી વધુ જાણકારી તથા માહિતી માટે બેંક શાખાનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

લી.
ઇન્ચાર્જ મેનેજર
શ્રી બગસરા નાગરિક સહકારી બેંક લી.





### માત્ર ૨૫ વર્ષની વયે અંતિમવાટ પકડી

# અમરેલી : ત્રિપદા સોસાયટીમાં રહેતા યુવકે માથાનાં દુ:ખાવાથી કંટાળી ઝેરી દવા પીધી

## ઝેરી દવા પી લેતા યુવકનું મોત નિપજયું

અમરેલી, તા. ૧૫, અમરેલીની ત્રિપદા સોસાયટીમાં રહેતા કિશનભાઈ મેરીયા નામનાં ૨૫ વર્ષિય યુવકને છેલ્લા ૬–૭ માસથી માથાનો દુ:ખાવો રહેતો હોય દવા લેવા છતાં તે મટતુ ન હોય. આથી કંટાળી જઈ તેઓએ પોતાની મેળે ઘઉંમાં નાખવાનાં બે ઝેરી ટીકડા પી લેતા તેમનું મોત થયાનું સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ધારીનાં પ્રેમપરા વિસ્તારની ઘટના

# યુવતીએ સગાઈ બાબતે આનાકાની થતાં ગળાફાંસો ખાધો

## યુવતીને સબંધ કરવો હોય, સબંધી આનાકાની કરતા હતા

અમરેલી, તા. ૧૫

ધારી નજીક આવેલ પ્રેમપરામાં રહેતી રવિનાબેન રમેશભાઈ બારૈયા નામની ૧૮ વર્ષિય યુવતીનો સબંધ જામવાળા (ગીર) ખાતે કરવાનાં હોય. આ અંગે છેલ્લા ૨ માસથી વાતચીત ચાલતી હોય ત્યારે પરિવાર ધ્વારા સબંધ કરવા બાબતે આનાકાની ચાલતી હોય પરંતુ યુવતીને ત્યાં જ સબંધ કરવો હોય. જેથી તેણીને લાગી આવતા તા. ૧૪નાં રોજ સવારે પોતે પોતાની મેળે પોતાના ઘરમાં જ સ્લેબમાં આવેલ લોખંડનાં હુકમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મોત થયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

# ખાંભા પો.સ્ટે. વિસ્તારમાંથી અગ્નિશસ્ત્ર હથિયાર સાથે એક ઈસમની અટકાયત

## જગદીશભાઈ મકવાણા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ



અમરેલી, તા. ૧૫

એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી. દેસાઈ તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.જી. મારૂ, તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ. ચાર્ટર લગત ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ડેડાણ આઉટ પોસ્ટ વિસ્તારનાં નવા માલકનેસ ગામથી ડેડાણ ગામ તરફ જવાનાં રસ્તે જગદિશભાઈ વાઘજીભાઈ મકવાણા, રહે. નવા માલકનેસ ગેરકાયદેસર હથિયાર રાખી ઉભેલ છે અને આજરોજ કોઈ ગુનો કરવાની પેરવીમાં હોય, જેથી બાતમી વાળી જગ્યાને કોર્ડન કરી રેઈડ કરતા એક ઈસમને ઓટોમેટીક રીવોલ્વર (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે ઝડપી પાડવામાં આવેલ છે.

### સીટી પીઆઇ ડી.વી. પ્રસાદની સુચનાથી સર્વેલન્સ ટીમનો સપાટો

# અમરેલીના માણેકપરામાં આવેલ લાઇફલાઇન કોર્નર બિલ્ડીંગમાં દારૂની મહેફીલ માણતા પાંચ ઇસમો ઝડપાયા

## શહેરના હાર્દસમા વિસ્તારમાં દારૂની મહેફીલથી ચકચાર

અમરેલી, તા. ૧૫

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.વી. પ્રસાદની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ અમરેલી ટાઉનમાં પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન ચોક્કસ બાતમી આધારે અમરેલી, માણેકપરા, લાઈફ–લાઈન કોર્નર બિલ્ડીંગમાં ૧૦૮ નંબરની દુકાનમાંથી દારૂની મહેફીલ માણતા મયુરભાઈ પ્રવિણભાઈ અગ્રાવત રહે, પીઠવાજાળ, નરેન્દ્રભાઈ જીવરાજભાઈ સાવડીયા રહે, અમરેલી, હિરેનભાઈ પ્રવિણભાઈ દાફડા રહે, સણોસરા, તથા મેહુલભાઈ ખોડાભાઈ હેલૈયા રહે, ગાવડકા વાળા પાંચ ઈસમોને એક વિદેશીદારૂ બોટલમાં આશરે ૧૦૦ મી.લી. જેટલા દારૂ કિ. રૂ. ૫૦ તેમજ વચ્ચેના ભાગે સેવ મમરાના પેકેટ, એક કોકા કોલા સોડા, એક પાણીની ૫૦૦ મી.લી ખાલી બોટલ, બે કાચના ગ્લાસ મળી કુલ કિંમત રૂા. ૫૦ના મુદામાલ સાથે પાંચ ઈસમોને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરી અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલ્સ ટીમના એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર, દિનેશભાઈ સરવૈયા, હેડ કોન્સ. રાજેન્દ્રભાઈ ચૌધરી તથા પો.કોન્સ.જગદીશભાઈ પોપટ, ધવલભાઈ મકવાણા, ચિરાગભાઈ માટીયા, વનરાજભાઈ માંજરીયા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતી.

### સાવરકુંડલા નજીક આવેલ

# લુવારા ગામે કપાસ ભરવાનાં ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૧૫૬૧ બોટલ ઝડપાય

## રૂા. ૫.૫૯ લાખનાં મુદ્દામાલ સાથે ૧ની અટકાયત

અમરેલી, તા. ૧૫

સાવરકુંડલા તાલુકાનાં લુવારા ગામે અશોકભાઈ જયતાભાઈ બોરીચાનાં રહેણાંક મકાન સામે આવેલા તેમના ડેલીબંધ વરંડામાં આવેલ કપાસ ભરવાનાં ગોડાઉનનાં ધાબાવાળા રૂમમાં ધારી ગામે રહેતા પ્રતાપભાઈ માણાભાઈ માંજરીયા તથા તેમના મળતીયા ધ્વારા વિદેશી દારૂનો મોટો જથ્થો વેચાણ માટે ઉતાર્યો હોવાની બાતમી સાવરકુંડલા રૂરલ પોલીસને મળતા દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ ૧૫૬૧ કિંમત રૂા. ૫,૦૩,૮૦૫ તથા મોટર સાયકલ નંગ–૫ કિંમત રૂા. ૫૦ હજાર મળી કુલ રૂા. ૫,૫૮,૮૦૫ નાં મુદામાલ સાથે પ્રતાપભાઈ માણાભાઈ માંજરીયાને ઝડપી લઈ પુછપરછ કરતાં આ બનાવમાં ધારી તાલુકાનાં ખંભાળીયા ગામે રહેતા વિજયભાઈ ખોડુભાઈ વાળા, સાયલા તાલુકાનાં દિનેશભાઈ વસ્તુભાઈ ખાચર તથા રબારીકા ગામનાં શિવરાજભાઈ વિંછીયા સહિતનાં ઈસમો સામે સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલી જિલ્લાના દરિયાકાંઠે પવનની ગતિ વધી ઉનામાં રાત્રિનાં ૯ કલાક પછી પવનની ગતિમાં વધારો : વરસાદ શરૂ

## મોડી રાત્રિ કે વ્હેલી સવારે પવન સાથે વરસાદની શરૂઆત

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના દરિયાકાંઠા ઉપરાંત ઉના પંથકમાં રાત્રિના ૯ કલાક બાદ પવનની ગતિમાં વધારો થવાની સાથે વરસાદનું આગમન થયું છે અને મોડી રાત્રિ અને વ્હેલી સવારે અમરેલી જિલ્લામાં પવનની ગતિ અને વરસાદ પડવાની શકયતા જોવા મળી રહી છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)